શ્રી ૧।
ૐ
અપેક્ષા કેવળ સત્યને પામવાની.........

# દક્ષ દ્રષ્ટી

સમસ્ત બ્રહ્મ સમાજનું માનિતુ માસિક
Email : daksh_drasti@rediffmail.com
R.N.I. NO. GUJGUJ/2007/21258
Post.Reg.No : G - KDA - 71 / 07 - 09
DAKSH DRASTI




વર્ષ : ૪ અંક : ૨ સળંગ અંક - ૩૮ તારીખ ૫/૫/૨૦૧૦ બુધવાર વૈશાખ વદ - ૭ સંવત ૨૦૬૬ કિંમત રૂા.૧૦/- પાન : ૮
Year : 4, No-2, Sr.Vol.No-38 Date : 5/5/2010 Wenesday Price Rs.10/- Page : 8

## તંત્રી લેખ
## જીવન માં સ્વ-સ્વિકૃતિ

મીત્રો,

હાલમાંજ ગયા રવિવારે એક સંસ્થા દ્વારા આયોજીત વિદ્યાર્થી માર્ગદર્શન કેમ્પમાં જવાનું બન્યું. વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે વ્યક્તિત્વ વિકાસ ની ચર્ચાઓ કર્યા બાદ એક શિક્ષક મિત્ર એ પુછ્યું કે પોતાના વર્ગમાં લગભગ બધાજ વિદ્યાર્થીઓ એક સરખી બૌધિક કક્ષાના હતા અને એક સરખી લગન અને દયાનથી ભણાવ્યા પછી પણ તેમના પરીણામો અને ઈત્તર પ્રવૃત્તિઓમાં પાર વગરનો તફાવત રહેતો હોય છે. એકજ બેન્ચ પર બેસીને ભણતા વિદ્યાર્થીઓમાં એક આઈ.એ.એસ. અધિકારી બને છે. અને બીજો સાવ સામાન્ય કહી શકાય તેવો વ્યવસાય અપનાવે છે. શું આ માટે માત્ર વિદ્યાર્થીની કૌટુંબીક સામાજીક અને આર્થિક પરિસ્થિતિ જ જવાબદાર હોય છે ?

મિત્રો જીવન અને વ્યક્તિત્વ વિકાસમાં કૌટુંબિક સામાજીક અને આર્થિક પરિસ્થિતિ ચોક્કસ મહત્વ ધરાવે છે. પરંતુ માત્ર આ બાબતો જ સફળતા માટે જરૂરી છે. તેવું માનવાને કોઈ કારણ નથી. અને જો એમજ હોય તો ખૂબજ સામાન્ય અને આર્થિક નબળો કહી શકાય તેવા પરીવારમાં જન્મેલો બાળક ગુજરાતનો મુખ્ય મંત્રી ન બની શકે. અને ચા ની કીટલી ચલાવતા પરીવારના બાળકો એસ.એસ.સી અને એચ.એસ.સી. બોર્ડમાં પ્રથમ કે દ્વિતિય સ્થાન ન મેળવી શકે. જીવનમાં સફળતા માટે જરૂરી છે જાતની સ્વીકૃતિ. " માણસો અશક્તિને કારણે નહિ, શક્તિ વિશેની પોતાની અશ્રદ્ધાના ખ્યાલને લીધે પીડીત થાય છે. પોતાના વિશેનો ખ્યાલ બદલવામાં આવે તો અશક્તિ ઓગળી જાય છે અને શક્તિના છુપા સ્ત્રોત વહેવા લાગે છે. " દુનિયાનો અભિપ્રાય તમારા માટે ભલે ગમે તેવો હોય એ વિશે વિચાર કરવાની જરૂર નથી. જે મત બદલવાની જરૂર છે એ તો આપણો પોતાનો મત છે. ગાયત્રી ઉપાસક શ્રી રામ શર્માજીએ જગતને એક સુત્ર આપ્યું છે " હમ બદલેગેં, જગ બદલેગા " આમાં હું એમ ઉમેરો કરૂ છું કે, " મન બદલે, તો હમ બદલેંગે શેકસ પિયરનું એક વાક્ય અમારા એક શિક્ષક વારંવાર બોલતા, પોતાની જાતને વફાદાર રહેવું એ શ્રેષ્ઠ ફિલસુફી છે."

પ્રોફેસર વિલિયમ જેમ્સે આપણને એમ સુંદર સિધ્ધાંન્ત આપ્યો છે. " દુનિયા, મિત્રો કે બીજુ કોઈજ નહિ પણ તમે તમારુ મુલ્ય કેટલું આંકો છો તેના ઉપર તમારા જીવનનો અને ભાવિનો આધાર છે. " આ મહાન અને પરીવર્તનકારી વિષયને જોવા આલેખવાનો મારો પ્રયત્ન રહ્યો છે.આ વિશે અનેક લોકો સાથે ચર્ચા કરવાની મને તક મળી છે. મેં જોયું છે કે ગુજરાતમાં અને ભારતમાં પણ આ દિશામાં સાચો અને ઉંડો રસ લેનાર માણસો ઓછા છે. સદ્ભાગી જનોજ આ કેડી પકડે છે.

તમે તમારા માટે શું માનો છો ? મનના ઉંડાણમાં તમારા પોતાના વિશેના શા ખ્યાલ છે આ વિશે થોડા પ્રશ્નો જોઈએ.

(૧) તમને તમારી જાત ગમે છે.
(૨) તમને તમારામાં અવિશ્વાસ છે ?
(૩) તમે તમારી પાસેથી બરાબર કામ લ્યો છો ?
(૪) કે પછી હાથ જોડી બેસી રહો છો ?
(૫) સંજોગો આપમેળે બદલાશે એમ તમે માનો છો ?
(૬) તમે પોતાની સામે ઉચ્ચ લક્ષ્યો રાખો છો ?
(૬) કે પછી જે થાય એ થાવ દો છો ?
(૭) તમે તમને કેવા માનો છો ?
કે પછી એ વાતથી અજાણ છો ?

અને આવા અનેક પ્રશ્નો પૂછી શકાય પણ જો તમને જાત પૃથ્થકરણની દિશામાં થોડા પણ દોરી શકાયા હોય તો વધારાના પ્રશ્નો પૂછવાની કોઈ જરૂર નથી. યાદ રાખો કે તમારો પોતાનો વિશેનો મત ખૂબજ મહત્વનો છે. મને યાદ છે અમેરીકામાં એક મિત્રએ મને પૂછેલુ કે તમને એકલા રહેતા કોઈની ખોટ નથી લાગતી એકાદ મિત્ર તો જોઈએ ને ? ત્યારે મે કહ્યું મારે એક શ્રેષ્ઠ મિત્ર છે. અમે બેય જણા એકજ શરીરમાં રહીએ છીએ. હું પોતેજ મારો શ્રેષ્ઠ મિત્ર છું. દરેક માણસ પોતાનો મિત્ર બની શકે. તમારી જાતના મિત્ર બની જુઓ ! અજબ મજા આવશે.

મારી વાતોથી કોઈ ખુશ થાય તો હું ખાસ કહું : તમને મજા પડીને ? જો તમને અડધો કલાકમાં મજા આવી તો હું મારી સાથે ૨૪ કલાક રહું છું મને કેટલી બધી મજા પડતી હશે એ વિચારો ! મારી ગમ્મતમાં જે ગંભીરતા રહેલી છે. તેની તરફ ધ્યાન દોરવાની રજા લઉ છું. જાતની સાથે પણ વાત કરવાનો એક આનંદ છે. એ તમને અજબ અજવાળા આપશે. સ્વામી રામતીર્થ કહેતા " માનવ તરીકેનું તમારુ મુલ્ય છે અને વિશેષ સ્થાન છે. જે માટે સ્વચિંતન કરો "

મન અને બહારની દુનિયા એ બેની વચ્ચે એક સેતુ રચવાનો છે. સ્વચિંતન અને જાતની સ્વીકૃતિ દ્વારા એ સેતુ રચી શકાશે.

અનુસંધાન પાન (૨) પર

## શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ અમદાવાદ શહેર- પશ્ચિમ દ્વારા આયોજીત જીવનસાથી પસંદગી સંમેલન સંપન્ન.



ઉપરોક્ત તસવીરમાં પ્રસંગના અતિથી વિશેષ પ.પૂ.સંત શ્રી ચૈતન્યશંભુ મહારાજ , સમારંભના પ્રમુખ માનનીય શ્રી અમીતભાઈ ઠાકર તેમજ મંચસ્થ મહાનુભાવોમાં સંસ્થાના અધ્યક્ષ શ્રી ભુપેન્દ્રભાઈ શુકલ, પ્રમુખ શ્રી કનુભાઈ રાવલ, મહામંત્રી શ્રી કુમુદભાઈ રાવલ, મુખ્ય મહેમાન શ્રી પરેશભાઈ રાવલ, શ્રી અશ્વિનભાઈ ત્રિવેદી, શ્રી અમીતભાઈ દવે, શ્રી પુરૂસોત્તમ શર્માજી, તેમજ સંસ્થાના પ્રચારમંત્રી અને સમસ્ત બ્રહ્મ સામાયિકના તંત્રી શ્રી મધુભાઈ દવે સાથે દ્રક્ષ દ્રષ્ટિના શ્રી મનોજભાઈ જોષી દ્રષ્ટિગોચર થાય છે.

ઉપરોક્ત સંસ્થા દ્વારા તા.૪/૪/૨૦૧૦ને રવિવારે સ્વાગત પાર્ટીપ્લોટ, ભુયંગદેવ ચાર રસ્તા, અમદાવાદ મુકામે સમસ્ત બ્રહ્મ સમાજ માટે જીવનસાથી પસંદગી સંમેલનનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આશરે ૧૦૦૦ થી પણ વધુ લગ્નોત્સુક યુવક - યુવતીઓએ પોતાના જીવનસાથી ની પસંદગી માટે ઉત્સાહભેર ભાગ લીધો હતો.

પ્રસંગની શરૂઆતમાં પ.પૂ.સંત શ્રી ચૈતન્યશંભુ મહારાજશ્રીએ સૌ લાભાર્થીઓ અને તેમના પરીવારોને આશિર્વચન પાઠવ્યા હતા. તેમજ ભાજપ રાષ્ટ્રીય કારોબારી સદસ્ય શ્રી અમીતભાઈ ઠાકરે પણ પ્રસંગોચિત્ત ઉદ્બોધન કર્યું હતું. અને સૌને શુભેચ્છાઓ પાઠવી હતી. ત્યાર બાદ સંસ્થાના અધ્યક્ષ શ્રી ભુપેન્દ્રભાઈ શુકલ, પ્રમુખ શ્રી કનુભાઈ રાવલ, અને ઓલ ઈન્ડીયા બ્રાહ્મીન ફેડરેશન (ન્યુ-દિલ્હી) તેમજ વલ્ડ બ્રાહ્મીન ફેડરેશન ના સદસ્યોએ પણ પ્રસંગોચિત્ત ઉદ્બોધન કર્યા હતા.

પ્રસંગ નિમિત્તે ઉમેદવાર યુવક-યુવતીઓના વાલીઓ સહિત બ્રહ્મ સમાજના અનેક અગ્રણીઓ અને જ્ઞાતિજનોએ ખૂબજ મોટી સંખ્યામાં હાજર રહી પ્રસંગને દિપાવ્યો હતો. તેમજ ઉમેદવારો માટે ઉમેદવાર નંબર, ભોજનપાસ, અને પરિચય પુસ્તકના વિતરણ માટેની સુંદર વ્યવસ્થા સંસ્થાના હોદ્દેદારો દ્વારા કરવામાં આવી હતી.

પ્રસંગના સમાપન સમયે સંસ્થાના મંત્રી શ્રી કુમુદભાઈ રાવલે સંસ્થાના સૌ હોદ્દેદારો, આમંત્રીત મહેમાનો અને સહકાર આપનાર સમાજ શ્રેષ્ઠીઓ તેમજ પ્રચાર માધ્યમના અને મુખપત્રોના તંત્રીશ્રીઓ તેમજ ઉમેદવારો અને તેમના પરીવારનો આભાર માન્યો હતો.

ઉપરોક્ત પ્રસંગ નિમિત્તે સંસ્થાના સૌ હોદ્દેદારો દ્વારા દક્ષ દ્રષ્ટિ પરીવારને પણ આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. જેને માન આપીને દક્ષ દ્રષ્ટિના તંત્રી શ્રી મનોજભાઈ જોષી, વડીલ શ્રી બાબુભાઈ જોષી, અને શ્રી પ્રવિણભાઈ પંડ્યા એ હાજર રહી પોતાનો પૂર્ણ સહયોગ આપ્યો હતો.

– " દક્ષ દ્રષ્ટી "

## ।। શ્રી ગણેશાય નમઃ ।।

## માસિક રાશી ભવિષ્ય

(તા.૧/૫/૧૦ થી ૩૧/૫/૧૦)

(૧) મેષ રાશિ : (અ.લ.ઈ.)

આ સમય દરમ્યાન ધંધામાં નવરચના થઇ શકશે. વિઘ્નો પાર કરી શકશો. સફળતા - યશ મળે પરંતુ નાણાકીય પરિસ્થિતિ હજુ પણ તંગ જણાય. છતા આપના કાર્યો અટકશે નહિ. કર ન વધે તે જોજો, કોર્ટ-કચેરી બાબતની મૂંઝવણ દૂર થાય.

(૨) વૃષભ રાશિ : (બ.વ.ઉ.)

આ સમય દરમ્યાન તમારા વ્યવસાયિક કામકાજોમાં સફળતા મળશે. મહત્વના કોલ કરાર થાય. લાભની તક વધશે. નોકરીયાત વર્ગને સાનુકુળતા પ્રગતિ જણાશે. જમીન-મકાન લે-વેચના કાર્યો વિલંબમાં પડશે. કૌટુંબીક પ્રશ્નોને શાંતિથી ઉકેલવા.

(૩) મિથુન રાશિ : (ક.છ.ઘ.)

આ સમય માં કેટલીક સર્જનાત્મક યોજનાઓ આકાર પામશે અને તેના વિકાસને લગતી કેટલીક મહત્વની તકો પણ સાંપડશે. નવા સ્નેહ - સબંધ પરિચય વધશે. ધંધામાં મહત્વના કામ થઇ શકશે. અગત્યની મંત્રણા સફળ થાય. આરોગ્ય જળવાઇ રહે. સંતાનો અને ગૃહજીવનની બાબતો અંગે ચિંતા રહે, વિરોધીઓને કારણે અશાંતિ જણાશે.

(૪) કર્ક રાશિ : (ડ.હ.)

આ સમય પ્રગતિકારક આશાવાદી જણાશે. અહી તમારા પશ્નનો ચારી આપશે. ધંધા યા નોકરીના પ્રશ્નો તમે ઉકેલી શકશો. તમારા માર્ગ આડેના અવરોધો દૂર થશે. નોકરીયાતના પ્રશ્નો હલ થશે. ગૃહજીવનમાં પરિસ્થિતિ યથાવત રહે સંતાનોની તબિયત બગડે, પ્રવાસ ફળે.

(૫) સિંહ રાશિ : (મ.ટ.)

આ સમયમાં તમારા અવરોધો દૂર થાય, નોકરી ધંધા ક્ષેત્રે સફળતા મેળવી શકશો. ભાગીદારીના પ્રશ્નો ગુંચવાશે. વિરોધીઓ ફાવી શકશે નહિ. મકાન-જમીન ને લગતા કામકાજો હજુ પણ ગુંચવાયેલા જ રહેતા જણાશે.

(૬) કન્યા રાશિ : (પ.ઠ.ણ.)

આ સમય દરમ્યાન તમારો પુરૂષાર્થ ફળતો જણાશે. અંતરાયમાંથી માર્ગ મળશે. નવીન કામગીરી આગળ વધશે. આર્થિક વહેવારની ગૂંચ ઉકેલી શકશો. મકાન મિલ્કતના કાર્ય અંગે સાનુકુળતા રહે. દાંપત્ય જીવનમાં સંવાદિતા મિલન મુલાકાત અને આનંદ વધે.

(૭) તુલા રાશિ : (ર.ત.)

આ સમયમાં તમારી પત્નીનો સહકાર પ્રોત્સાહન અને સમજ શક્તિ જોવા મળશે. સંતાનો અંગેની ચિંતા દૂર થાય. સારા પ્રસંગો ઉજવાશે. આર્થિક સંકડામણના કારણે અશાંતિ વધે. નોકરી ધંધા અંગે વિચાર પૂર્વક ચાલવા જેવો સમય છે.

(૮) વૃશ્ચિક રાશિ : (ન.ય.)

પિત પ્રકૃતિવાળાઓએ શરીરની સાચવણી લેવી નહિતો પિત વિકારની ફરીયાદ વધશે. ગૃહજીવનમાં સુમેળ જળવાઇ રહે. પત્નીનો સહકાર વધે. પુરૂષાર્થનું ફળ મળે. પરંતુ તેના માટે સંઘર્ષ વેઠવો પડે. ધંધાકીય પ્રશ્નો માટે પણ સમસ્યા સર્જાય મિલ્કત બાબત સારૂ રહે.

(૯) ધન રાશિ : (ભ.ધ.ફ.ઢ.)

આ સમયમાં માનસિક સુખ શાંતિનો અનુભવ કરી શકશો. સાનુકુળતાઓ વધશે. આર્થિક બાબતો અંગે મિશ્ર પરીસ્થિતિનો અનુભવ કરવો પડશે. નોકરી - ધંધા અંગેના તમારા પ્રશ્નો સફળ નીવડે ગુંચવાયેલા પ્રશ્નો ઉકેલાશે. દામ્પત્ય જીવનમાં શુભ કાર્યો તથા સાનુકુળ સંજોગો રહેશે સ્નેહીથી મિલન સારા સમાચાર ની આશા રહે.

(૧૦) મકર રાશિ : (જ.ખ.)

આ સમયમાં આપની કૌટુંબીક લગ્ન વિષયક બાબતો ઉકેલાશે. માનસિક આનંદ ઉત્સાહ અનુભવી શકશો. વિરોધીઓથી ફાવે નહિ. આરોગ્ય સાચવજો, વ્યર્થ દોડાદોડી અને પ્રવાસ થાય ખર્ચ વધે નાણાભીડ જણાય ધંધામાં મંદિ જણાય.

(૧૧) કુંભ રાશિ :(ગ.સ.શ.ષ.)

આ સમયમાં માનસિક તાણ, બેચેની, બેકારીનો અનુભવ થશે. જગત આખુ વિરુધ્ધ લાગે, કોઇના પર વિશ્વાસ મૂકી ન શકાય. ખર્ચનો ભાર વધશે. કૌટુંબીક બાબતો ઉકેલાશે. નોકરીયાતને બેચેની વધશે. બદલીની શક્યતા.

(૧૨) મીન રાશિ : (દ.ચ.ઝ.થ.)

આ સમય દરમ્યાન તમારા મહત્વના પ્રશ્નો નો ઉકેલ મળતો જણાશે. કોઇ અણધારી તક મળે. નાણાકીય સમસ્યા હલ થાય. આવક વધારવાના પ્રયત્નો સફળ થાય. નોકરીયાતને પ્રતિકુળતાના સંજોગો જણાશે. ધંધા બાબતે ધાર્યુ થાય નહિ. દાંપત્ય જીવનમાં વિસંવાદિતા આવે આરોગ્ય ચિંતા કરાવે.

લેખક : ઠાકોરપ્રસાદ શરદકાંત મહેતા (ચાંગા)
વધુ માહિતી માટે સંપર્ક :- ૯૯૨૫૧ ૦૩૯૪૦

## શ્રી વિશ્વેશ્વરાનંદ સરસ્વતી સ્વામીની પુણ્યતિથીએ ભંડારો

પ.પૂ.બ્રહ્મલીન સ્વામી વિશ્વેશ્વરાનંદ સરસ્વતી (ટીંટીસર - સજાપુર) ની ૨૫મી પુણ્યતીથી નિમિત્તે પ.પૂ.સ્વામી શ્રી નિજાનંદ સ્વામીજીની નિશ્રામાં શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ ટીંટીસર ગામે સાબરકાંઠા જીલ્લાના સંત સમુદાયનો ભંડારો તા.૩૧/૩/૨૦૧૦ના રોજ સંપન્ન થયો.

મંદિરના જીર્ણોધ્ધાર નિમિત્તે નવચંડી હવન આચાર્ય શ્રી હસમુખભાઇ ભક્તિરામ ગોર સરડોઇ ના આચાર્ય પદે અને પ.પૂ.ના સમાધિ સ્થાને પૂજનવિધિ અને પધારેલ સંત સમુદાયનું પૂર્ણ સન્માન ગામના આગેવાનો શ્રી ભીખાભાઇ રાજુભાઇ પટેલ, શિવાભાઇ પટેલ, બેચરભાઇ પટેલ, રાકેશભાઇ પટેલ, અને પૂજ્યશ્રીના બહારગામથી પધારેલ શિષ્યો પૈકી શ્રી કમલેશભાઇ પંડ્યા, જીતેન્દ્રસિંહ રાઠોડ, અને શ્રી છગનભાઇ પટેલ દ્વારા કરવામાં આવ્યું.

આ પ્રસંગે ખુબજ વિશાળ ભક્ત સમુદાય અને આશરે ૧૫૦ થી પણ વધુ સંતો મહંતો એ ઉપસ્થિત રહી પ્રસંગ નિમિત્તે મહાપ્રસાદ નો લાભ લઇ સૌ ધન્ય બન્યા હતા.

**- કમલેશભાઈ પંડ્યા (અમદાવાદ)**

## અડપોદરા હનુમાનજીમંદિરના બ્રહ્મલીન મહંત શ્રી રામગીરીજી મહારાજની અનંત યાત્રા પ્રસંગે શોભાયાત્રા અને ભંડારો.

સાબરકાંઠા જીલ્લાના અડપોદરા ગામ સ્થિત શ્રી ડુંગરીવાળા હનુમાનજી અને શ્રી રત્નેશ્વર મહાદેવ મંદિરના મહંત પ.પૂ.બ્રહ્મલીન સંત શ્રી રામગીરીજી મહારાજ તા.૨૨/૩/૨૦૧૦ના રોજ અનંતયાત્રાએ સિધાવતા સમગ્ર અડપોદરા ગામ અને આજુ બાજુના વિસ્તારના વિશાળ ભક્ત સમુદાય દ્વારા બ્રહ્મલીન સંત શ્રીની ખુબજ ભવ્ય શોભાયાત્રા કાઢી ત્યાર બાદ તેઓશ્રીને સમાધિ આપવામાં આવી હતી.

બ્રહ્મલીન સંત શ્રી રામગીરીજી મહારાજ આશરે પાંચ દાયકાથી પણ વધુ સમયથી ઉપરોક્ત સંસ્થામાં સેવા સાથે લોકકલ્યાણના કાર્યો થકી ખૂબજ સુંદર સુવાસ પ્રસરાવી હતી. ગામ લોકો દ્વારા તા.૫/૪/૨૦૧૦ના રોજ ભજન સંધ્યા અને સંતવાણી નું આયોજન રાખવામાં આવેલ જેમાં ડાયરાના ખ્યાતનામ કલાકારો અને અડપોદરા ગામના અને મુંબઇ સ્થિત ડાયરાના કલાકાર શ્રી દિનેશભાઇ આર.પંડ્યા પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ તા.૬/૪/૨૦૧૦ના રોજ ગામ સમસ્ત મહાપ્રસાદ અને ભંડારાનું આયોજન પણ રાખવામાં આવ્યું હતું જેમાં ખૂબજ મોટી સંખ્યામાં ભક્તજનોએ લાભ લીધો હતો.

ઉપરોક્ત પ્રસંગને સફળતા પૂર્વક સંપન્ન કરવામાં અડપોદરાના સરપંચ શ્રી જે.પી.ઝાલા અને ગામના અગ્રણીઓએ ખૂબજ જહેમત લીધી હતી.

**- " દક્ષ દ્રષ્ટી "**

તંત્રી લેખ અનુસંધાન પાન (૧) નું ચાલુ.....

થોડા સમય પહેલા આખા ભારતમાં વિજેતા બની બ્યુટી ક્વીન બનેલા એક બહેન ની સાથે વ્યક્તિગત બેસવાની તક મળેલી. આટલી ડરપોક વિચિત્ર અને ભદ્દી, તુંડ મીજાજી, અને પોકળ સ્ત્રી મેં બીજી ભાગ્યેજ જોઇ હશે. કેવું સુંદર શરીર અને કેવા ભદ્દા ખ્યાલ! સુંદરમાં સુંદર વ્યક્તિના મનમાં પણ અસુંદરતા અને અભદ્રતા હોઇ શકે છે. પણ મનની સપાટી કે કેન્દ્ર વચ્ચે તફાવત હોય એ બુધ્ધિશાળી માણસ શી રીતે ચલાવી લઇ શકે. શા માટે પોતાનું અવમુલ્યન કરવું ? શુંકામ પોતાની જાતને ઉતરતી માનવી ?

સ્વેટ મોર્ડને સરસ લખ્યું છે કે, સુખ, સમૃધ્ધિ, સફળતા અને આનંદ જે લક્ષ્યો તમારે સિધ્ધ કરવા હોય એ થઇ શકે છે. પણ એ માટે તમારે તમારા મનને બદલવું પડશે. તમારામાં પરીવર્તન આવી શકે છે. એ તમારા મિત્રોને તો ઠીક, સ્વયંમ તમને પણ ચમત્કારીક લાગશે. પોતાના વિચારો અને જાતની સ્વિકૃતિ કેળવી તમારા લક્ષ્ય તરફ તમે બે નક્કર ડગલા ભરશો કે તરત જ તમને સમજાશે કે આ તો મજાનો રસ્તો છે. આવુઃ હોય તો શા માટે જુના રસ્તા પકડી રાખવા ?

આવો મિત્રો ભૂતકાળને ભુલી પરીણામની ચિંતા વગર આત્મવિશ્વાસ અને જાતની સ્વીકૃતિ સાથે આપણા નિર્ધારીત લક્ષ્ય તરફ આગળ વધીએ.

**- મનોજ જોષી**
**" દક્ષ દ્રષ્ટી "**

## નમ્ર નિવેદન

સમસ્ત બ્રહ્મ સમાજના માનિતા સામયિક દક્ષ દ્રષ્ટિના વિશ્વભરના વાચકો અને જ્ઞાતિબંધુઓને ખૂબજ હર્ષ ની લાગણી સાથે જણાવતા આનંદ થાય છે. કે આપ સૌ વડીલો અને જ્ઞાતિબંધુઓના આશિર્વાદ થકી આપણું આ સામયિક દેશના સીમાડાઓને પાર કરી અમેરીકા માં પણ રજીસ્ટર્ડ થઇ ચુક્યુ છે. અને હવે આપણે આપણા આ સામયિકને અમેરીકા થી પણ પ્રકાશીત કરવા જઇ રહ્યા છીએ જે માત્ર આપ સૌના સહકાર અને આશિર્વાદ થકી શક્ય બન્યુ છે.

વિશેષમાં આપણા આ સામયિકની રજીસ્ટ્રેશન અને પ્રકાશન માટેની કાર્યવાહીને વેગ મળી રહે અને વિદેશમાં પણ દક્ષ દ્રષ્ટિનો વધુ વિકાસ અને પ્રસાર થાય તેવા સંકલ્પ સાથે દક્ષ દ્રષ્ટિના તંત્રી શ્રી મનોજભાઇ જોષી આગામી માસમાં ચોથીવાર વિદેશપ્રવાસે જઇ રહ્યા છે જેથી જુન માસથી તંત્રીશ્રી નો દક્ષ દ્રષ્ટિ કાર્યાલય ઉપર રૂબરૂ સંપર્ક થઇ શકશે નહિ. જેથી રૂબરૂ મુલાકાતે આવનાર બ્રહ્મ બંધુઓ અને વાચકો ક્ષમા કરશો.

આપના તરફથી આવોજ સહકાર અને આશિર્વાદ અને બ્રહ્મ સમાજને લગતા આયોજનોનું મેટર સતત મળતુ જ રહેશે અને આપની માહિતીના પ્રકાશન દ્વારા આપણુ સૌનું માનિતુ સામયિક દક્ષ દ્રષ્ટિ અનેક સિધ્ધિના સોપાનો સર કરી વિશ્વભરમાં વસતા અનેક ગુજરાતી બ્રહ્મ પરીવારો માટે સંપર્ક સેતુરૂપ બની રહેશે.

તંત્રીશ્રી મનોજભાઇ જોષીને બ્રહ્મ સમાજની સેવાના આ પ્રયત્નોમાં આપસૌના આશિર્વાદ થી ખૂબ - ખૂબ સફળતા પ્રાપ્ત થાય તેવી શુભેચ્છા સાથે.

**દુષ્યંતભાઈ (ઓફીસ ઈન્ચાર્જ)**
**અને**
**સમસ્ત દક્ષ દ્રષ્ટિ પરીવાર**

# શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ અમદાવાદ શહેર (વિભાગ-૬) ઓઢવ દ્વારા આયોજીત ૧૮ મો સમુહ લગ્ન અને યજ્ઞોપવિત સમારંભ

ઉપરોક્ત સંસ્થા દ્વારા તા.૩/૬/૨૦૧૦ને ગુરૂવારના રોજ સમુહ લગ્ન અને યજ્ઞોપવિત સંસ્કાર પ્રસંગનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રસંગમાં ભાગ લેવા ઇચ્છતા જ્ઞાતિબંધુઓ માટે નિયમો અને માહિતિકેન્દ્રો તેમજ પ્રવેશફોર્મ મેળવવા માટે નીચે જણાવેલ સ્થળોએ સંપર્ક કરવો.

**નિયમો**

(૧) સમુહ લગ્નમાં ભાગ લેનાર વ્યક્તિએ રૂા.૫૦૧/- અને યજ્ઞોપવિતમાં ભાગ લેનાર બટુકે રૂા.૨૫૧/- ભરવાના રહેશે.
(૨) બટુકને ત્રણ ભોજનપાસ તેમજ વર-કન્યાને ત્રણ-ત્રણ પાસ ફ્રી આપવામાં આવશે.
(૩) લગ્ન/જનોઇ વિધિ વખતે કુલહાર,પુંજાપો, બ્રાહ્મણ દક્ષિણા વગેરે સમાજ તરફથી આપવામાં આવશે. તેમજ બટુકને પહેરવા માદરપાટ (ઉપ વસ્ત્ર) સમાજ તરફથી આપવામાં આવશે.
(૪) સમુહ લગ્ન/જનોઇ વિધિનો સમય તા.૩/૬/૨૦૧૦ને ગુરૂવારના રોજ સવારે ૭-૦૦ કલાકનો રહેશે. તો વર-કન્યા પક્ષ તથા બટુકના પિતાએ સમયસર સ્થળ ઉપર હાજર રહેવું.
(૫) પ્રવેશફોર્મ તા.૧૦/૫/૨૦૧૦ સુધીમાં કાર્યાલય અથવા નીચે જણાવેલ સ્થળો પર જમા કરાવી દેવા.
(૬) બટુકના માતા-પિતાએ બેસવાના આસનીયા તથા પુજા માટે પંચપાત્ર લઇને આવવાનું રહેશે.
(૭) બટુકને ફક્ત માતા અને મોસાળની એક ભિક્ષા પીરસી શકાશે. અન્ય કોઇ વ્યક્તિ ભીક્ષા કે ચાંદલો આપી શકશે નહિ.
(૮) પ્રવેશ ફોર્મ સાથે વર-કન્યા ના જન્માક્ષરની ઝેરોક્ષ તથા ઉંમરના પ્રમાણપત્રની નકલ ફરજીયતા આપવી.
(૯) ભોજનપાસ વધશે તો પરત લેવામાં આવશે નહિ.
(૧૦) લગ્ન/યજ્ઞોપવિત માં ભાગ લેનાર આજીવન સભ્ય બનવું જરૂરી છે.
(૧૧) કાર્યક્રમમાં સંજોગવસાત કોઇપણ ફેરફાર કરવાની સત્તા પ્રમુખ અને મંત્રીને રહેશે.
(૧૨) ફોર્મ ભર્યા બાદ કેન્સલ કરાવનાર ને ભરેલા નાણા પરત મળશે નહિ. તે ભેટ સ્વરૂપે સ્વીકારવામાં આવશે.

**માહિતિ કેન્દ્રો**

(૧) રજનીકાન્ત બી.ભટ્ટ (પ્રમુખ) ઓઢવ, અમદાવાદ. ફોન : (મો) ૯૪૨૮૧ ૦૧૯૯૧
(૨) કિર્તિભાઇ એસ.પંડ્યા (મંત્રી) ઓઢવ, અમદાવાદ. ફોન : (મો) ૯૮૨૫૭ ૮૨૮૪૬
(૩) ભરતભાઇ એસ.જાની (ઉપ પ્રમુખ) ફોન : (મો) ૯૪૨૭૬ ૧૪૬૪૭
(૪) ભરતભાઇ આચાર્ય-(ઉપ પ્રમુખ) (મો) ૯૮૨૫૫ ૦૬૩૭૦
(૫) રોહિતભાઇ ગોર-ખજાનચી ફોનઃ ૦૭૯ ૨૨૮૯૦૦૩૦
(૬) રાજુભાઇ જી. દવે કન્વીનર (મો) ૯૪૨૬૫ ૦૬૦૯૦
(૭) અશોભાઇ એ.જાની (મો) ૯૪૨૬૪ ૮૮૪૪૭
(૮) અશ્વિનભાઇ જાની (મો) ૯૮૨૪૦ ૪૧૩૯૭
(૯) ભીખાભાઇ એમ.પંડ્યા(મો) ૯૫૨૭૧ ૮૨૪૫૪૬
(૧૦) કમલેશભાઇ આર.પંચોલી (મો) ૯૩૨૭૯ ૦૪૦૯૬
(૧૧) ગીરીશભાઇ બી.દવે (મો) ૯૩૫૭૯ ૬૨૪૧૦
(૧૨) રવિભાઇ પી.ભટ્ટ (મો) ૯૩૭૪૧ ૨૪૦૩૪૪
(૧૩) શૈલેષભાઇ એચ.ત્રિવેદી (મો) ૯૪૨૬૫ ૧૭૩૫૫
(૧૪) બાબુભાઇ આર.ત્રિવેદી (મો) ૯૩૨૭૬ ૪૭૯૦૭
(૧૫) શ્રી સરયુબેન સેવક (મો) ૯૯૭૪૩ ૪૭૭૪૫
(૧૬) શ્રી નિલાબેન આર.પંડ્યા (મો) ૨૨૯૭૩૫૧૭
(૧૭) શ્રી ગજાનંદભાઇ એન.પંડ્યા (મો) ૨૨૯૭૨૯૩૦
(૧૮) અમદાવાદ શહેર કાર્યાલય ઇ-૩૦૮, ઘંટાકર્ણ માર્કેટ, કર્ણમુક્તેશ્વર મહાદેવ, સારંગપુર, અમદાવાદ. ફોન : ૨૨૧૭૦૬૪૩.
(૧૯) શ્રી કમલેશભાઇ મણીભાઇ પંડ્યા દક્ષ દ્રષ્ટિ કાર્યાલય (અમદાવાદ) (મો) ૯૪૨૭૦ ૨૨૨૩૯
(૨૦) દક્ષ દ્રષ્ટિ કાર્યાલય (નડીઆદ) ૧૧૮, ઘંટાકર્ણ કોમ્પલેક્ષ, ગંજબજાર, નડીઆદ. ફોન : (૦૨૬૮) ૨૫૬૪૨૩૨ (મો) ૯૮૨૫૪ ૪૯૫૦૫

**માહિતી :- કમલેશભાઇ પંડ્યા**

## લગ્નવિષયક

આણંદ નિવાસી વ્યાસ બાલમુકુન્દભાઇ મનમોહનદાસ ની સુપુત્રી ચિ.નૂતન બી.કોમ. અને એમ.બી.એ કરી હાલ લંડન સ્થિત થયેલ ઉ.વ. ૩૫ સુંદર અને દેખાવડી યુવતી માટે સંસ્કારી અને ઉચ્ચ અભ્યાસ ધરાવતા બ્રાહ્મણ પરીવારના યુવકના વાલી તરફથી પૂછ પરછ આવકાર્ય છે.
સંપર્ક : અનસુયાબેન વ્યાસ, ફોન : ૦૨૬૯૨ ૨૫૧૫૮૩
અથવા દક્ષ દ્રષ્ટિ કાર્યાલય નડીઆદ.

ઠાસરા નિવાસી શ્રી મહેન્દ્રકુમાર શંકરલાલ જોષી ના સુપુત્ર ચિ.પરાગ મહેન્દ્રભાઇ જોષી ઉ.વર્ષ.૨૫ બી.કોમ, કોમ્પ્યુટર જાણકાર હાલ એકાઉન્ટન્ટ તરીકે નોકરી ધરાવતા માટે સંસ્કારી પરીવાર ની સુશીલ બ્રાહ્મણ યુવતીના વાલી તરફથી પુછપરછ આવકાર્ય છે.
સંપર્ક : જોષી મહેન્દ્રકુમાર શંકરલાલ, મહાદેવ ફળીયુ, યુનીયન બેંક પાસે, ઠાસરા, ફોન : ૦૨૬૯૯ ૨૨૨૫૪૮, (મો) ૦૯૭૬૪૬૮૭૭૩૫.

વિરપુર (ખેડા) નિવાસી જોષી સિતારામ રસિકલાલ ઉ.વર્ષ - ૩૭ મેડીકલ સેલ્સ વ્યવસાયી માસિક આવક રૂા.૧૫૦૦૦/- અને શનિ, મંગળ દોષ રહિત યુવક માટે સંસ્કારી અને બ્રાહ્મણ પરીવારની ઓછુ ભણેલી, છૂટાછેડા લીધેલ, વિધવા કે ત્યક્તા, ગરિબ નિઃસહાય પરીવારની અથવા શારીરીક ખોડ ધરાવતી યુવતીના વાલીઓ તરફથી પૂછપરછ આવકાર્ય છે. એક સંતાનવાળુ પાત્ર પણ આવકાર્ય છે.
સંપર્કઃ (મો) ૯૯૭૮૭ ૫૦૩૯૦, ૯૯૭૯૩ ૪૩૯૦૮
અથવા દક્ષ દ્રષ્ટિ કાર્યાલય પર સંપર્ક કરો.

રાજકોટ નિવાસી પંડ્યા ગોરધનદાસ છગનલાલ ની સુપુત્રી ઉ.વર્ષ - ૨૮ એમ.બી.એ. પૂર્ણ કરી હાલ (ન્યુયોર્ક - અમેરિકા) સ્થિત થયેલ યુવતી માટે યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા સંસ્કારી પરીવારના બ્રાહ્મણ યુવક ના વાલીઓ તરફથી પૂછપરછ આવકાર્ય છે. ડૉક્ટર તેમજ ફાર્માસીસ્ટ યુવક માટે પ્રથમ પસંદગી રહેશે. રૂબરૂ સંપર્ક માટે ક્ષમા કરશો. માત્ર આપની વિગતો દક્ષ દ્રષ્ટિ કાર્યાલય મારફતે મોકલવા વિનંતી.
સંપર્ક : દક્ષ દ્રષ્ટિ કાર્યાલય (નડીઆદ)

# શ્રી આણંદ જીલ્લા સમસ્ત બ્રહ્મ સમાજઆયોજીત સમુહ યજ્ઞોપવિત સંસ્કાર

શ્રી આણંદ જીલ્લા સમસ્ત બ્રહ્મ સમાજ ના ઉપક્રમે આગામી તા.૨/૬/૨૦૧૦ ને બુધવારના રોજ આણંદ પાસે લાંભવેલ હનુમાનજી મંદિર હોલ મુકામે ૮મો. સમુહ યજ્ઞોપવિત કાર્યક્રમ યોજવામાં આવેલ છે. સવારના ૮.૩૦ થી બપોરે ૩.૩૦ કલાક સુધી આ કાર્યક્રમ માં બટુક ના વાલીઓએ ફક્ત ત્રણ આસન લઇને આવવાનું રહેશે. અને બાકીની તમામ સામગ્રી આયોજકો દ્વારા આપવામાં આવશે.

બટુક દીઠ રજીસ્ટ્રેશન ફી રૂા.૫૧/- ભરી રજીસ્ટ્રેશન ફોર્મ નીચે દર્શાવેલ સ્થળોએ તા.૨૫/૫/૧૦ સુધીમાં પરત આપવાના રહેશે.

એક બટુક સાથે ૫ વ્યક્તિઓને નિઃશુલ્ક ભોજન આપવામાં આવશે. બાકીના બટુકના સબંધી-મહેમાનો માટે ૨૦ વ્યક્તિ સુધી વ્યક્તિદીઠ રૂા.૨૦ ભરી અગાઉથી પાસ મેળવી લેવાના રહેશે. સમગ્ર કાર્યક્રમના સ્પોન્સર દાનવીર શ્રી ડૉ.જયદત્ત વ્યાસ રંગ અવધૂત લકવા કેન્દ્ર ના સહયોગ દ્વારા આ કાર્યક્રમ યોજાનાર છે.

## ફોર્મ મેળવવાના સ્થળ

(૧) શ્રી કમલકુમાર વ્યાસ (પેઇન્ટર)(પ્રમુખ આણંદ જીલ્લા સમસ્ત બ્રહ્મ સમાજ) વાઘનાથ ચકલા, ઉમરેઠ. ફોન : ૯૮૨૪૪ ૦૬૩૦૨ (૨)દક્ષ દ્રષ્ટિ કાર્યાલય ૧૧૮, ઘંટાકર્ણ કોમ્પલેક્ષ, ગંજ બજાર, નડીઆદ. ફોન : ૦૨૬૮- ૨૫૬૪૨૩૨ (મો) ૯૮૨૫૪ ૪૯૫૦૫ (૩) મનહરભાઇ જોષી સૂર્યનારાયણ સોસાયટી, બસ સ્ટેશન પાસે, મુ. ખંભોળજ. ફોન : ૯૪૨૯૦ ૩૧૦૧૯ (૪) ગોપાલભાઇ પંડ્યા બ્રાહ્મણની ખડકી, મુ.પો. શીલી જી. આણંદ ફોન : ૯૯૭૪૩ ૪૯૪૧૩ (૫) પરેશભાઇ પંડ્યા જ્યોતિષી લખુભાઇ એસ્ટેટ, મહાદેવ એરીયા, વલ્લભ વિદ્યાનગર, ફોન : ૯૮૨૪૪ ૮૨૭૦૭ (૬) પ્રજ્ઞેશભાઇ પંડ્યા (જ્યોતિષી) ગીતામંદિર નડીઆદ ફોન : ૯૪૨૯૦૩૩૧૯૮ (૭) સુમંતભાઇ ગોર રાજેશ વાસણ ભંડાર, ટાવર બજાર, આણંદ. ફોન : ૦૨૬૯૨ ૨૪૮૩૮૦.

# શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ વિરસદ ની સામાન્ય સભા સંપન્ન.

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજની દ્વિતિય સામાન્ય સભા તા. ૧૧/૪/૨૦૧૦ના રોજ રાત્રે ૮.૩૦ કલાકે રણછોડજી મંદિરમાં મુ. મનહરભાઇ પંડ્યા સાહેબના અધ્યક્ષ સ્થાને મળી.

ગત વર્ષના હોદ્દેદારો - પ્રમુખ શ્રી - મંત્રી શ્રી તથા ટ્રેઝરરશ્રીની પુનઃ સર્વાનુમતે નિયુક્તી કરવામાં આવી. કાર્યક્રમની શરૂઆત - પ્રાર્થના થી નિયતિ જોષી દ્વારા કરાઇ. પ્રમુખશ્રીએ - આવકાર - સ્વાગત પ્રવચન કર્યુ. મંત્રીશ્રીએ - સમાજના તેજસ્વી તારલા વડીલોની શૈક્ષણિક તથા કારકિર્દીની વિસ્તૃત માહિતી આપી.
શ્રી રામકૃષ્ણ છોટાલાલ ભટ્ટ તરફથી ધોરણ:૧ થી કોલેજ કક્ષાના બાળકોને શૈ.ચીજવસ્તુઓ પ્રોત્સાહન સ્વરૂપે ૨૦૧૦-૧૧ વર્ષમાં આપવાનું સ્વીકાર્યુ.
શ્રી હરેન્દ્ર જ. શુક્લ પરીવાર તરફથી દર વર્ષે ધોરણ ૧૦માં : ૭૦ % ગુણાંક મેળવનાર દરેક બાળકને રૂા.૫૧/-,૧૨ સામાન્ય પ્રવાહમાં : ૭૦ % ગુણાંક મેળવનાર દરેક બાળકને રૂા.૭૫/-, ૧૨ વિજ્ઞાન પ્રવાહ માં : ૬૫ % ગુણાંક મેળવનાર દરેક બાળકને રૂા.૧૦૧/-, રોકડ સ્વરૂપે આપવાનું ૨૦૧૦-૧૧ થી આપવાનું સ્વીકાર્યુ.

ટ્રેઝરર હરેન્દ્ર શુક્લએ ગત વર્ષના હિસાબો રજુ કર્યા. તથા આર્થિક સહયોગની અપેક્ષા દર્શાવી.

શ્રી ભરતભાઇ એસ. ઉપાધ્યાય (એડી.સીવીલ જજ - સુરત) દ્વારા અગામી રક્ષાબંધને સામુહિક યજ્ઞોપવિત તથા ભોજનની વ્યવસ્થા કરવામાં આવશે.

કાર્યક્રમના અંતે અલ્પાહારની સુંદર વ્યવસ્થા ડૉ. ભરતભાઇ વૈધ તરફથી કરવામાં આવી.
અંતે શ્રી હર્ષદભાઇ ઉપાધ્યાય એ સૌનું આભાર દર્શન કર્યુ.

# બાળ સંસ્કાર કેળવણી

ભારતીય નારી એટલે યશોદા, કૌશલ્યા, જીજાબાઇ વિગેરે જીવંત માતૃત્વ સભર સજાગ માતાઓ. માતાની મમતા પ્રેમ, હુંફ, પોષણ અને સંસ્કાર બાળકને સહજ પ્રાપ્ત થાય ત્યારે તેના ઉછેર અને વિકાસમાં અનેરી હિંમત, ઉત્સાહ, ઉમંગ અને સર્જનાત્મક શક્તિ ખીલી ઉઠે છે. કારણ બાળકનું સર્જન પિતાના વિર્ય અને માતાના રક્તથી થાય છે જેમાં આનુવંશીક ગુણોનો પ્રભાવ પણ પડેલ હોય છે. માતા બાળક નાનુ હોય ત્યારથી સતત તેનું ધ્યાન રાખે છે. તેનું નિરક્ષણ કરે છે. બાળક જે અવલોકન કરે છે તે જીવનમાં ગ્રહણ કરે છે. બાળકમાં જીજ્ઞાસા જન્મે, તે પ્રશ્નો પૂછે તેનો યોગ્ય જવાબ મળે તે અપેક્ષા રાખે છે. બાળકની અપેક્ષા માતા-પિતા દ્વારા સંતોષાય તે ઇચ્છનીય છે. આજના માતા-પિતા બાળક પાછળ પુરતો સમય ફાળવી શકતા નથી. શાળામાં શિક્ષકો અને મિત્રો દ્વારા અપાતા શિક્ષણ અને સંસ્કાર ઘડતર વડે બાળકના મનમાં અનેક પ્રશ્નો ઉદ્ભવે છે. જેમકે વાંચવાનું કેમ? ભણવાનું કેમ લખવાથી લાભ શો? રમવા કે ટી.વી. જોવા વધુ સમય કેમ ન લેવો? પ્રવૃત્તિઓ માટે ટાઇમ ટેબલ કેમ? વિગેરે આવા અનેક પ્રશ્નોના જવાબો માતા-પિતા સમજાવે તેમાં પ્રેમ, સાનિધ્ય અને દ્રષ્ટાંત કે રમતને ભેળવવામાં આવે તો તે સહજમાં ગ્રહણ કરે છે, શીખે છે. દલીલ પણ કરે છે તેનાથી તેના જ્ઞાનતંતુઓ સચેત, સજાગ, તર્કબધ્ધ વિકસે છે.

શાળાના વેકેશનમાં બાળક પાસે પુરતો સમય હોય છે. ભણવાના ભારથી મુક્ત હોય છે. પ્રવાસ કે મનગમતિ પ્રવૃત્તિ કરવા મુક્ત હોય છે. આવા સમયે જાગ્રત માતાઓ ભેગી થાય સાથે તેમના બાળકોને બેસાડે નાની ટુંકી વાર્તાઓ કહે, રમત રમાડે, ટુચકા સંભળાવે, જુદા જુદા ચિત્રો બતાવે, મહાપુરૂષોના જીવન ચરિત્રની કથાઓ સંભળાવે તો બાળક સમુહમાં દરરોજ એક-બે કલાક માં ઘણુંજ શીખી શકે છે. માતાઓ તે સરળતાથી શીખવી પણ શકે છે. માતા જે કહે તે બાળકને મન બ્રહ્મ વાક્ય બની જાય છે. કારણ બાળકને માતાના શબ્દો પર વિશ્વાસ હોય છે. પિતા કે શિક્ષકના સત્તાવાળા શબ્દો બાળક સહન કરતુ નથી. પ્રેમ અને વાત્સલ્યથી સહજભાવે બોલતા શબ્દોને જ બાળક ગ્રહણ કરે છે. તેને અનુસરે છે. બાળમાનસ ખૂબ સંવેદનશીલ છે. તેનું ધ્યાન માતાઓ રાખે છે.

## નારી દ્રષ્ટી

મારી દ્રષ્ટિએ સોસાયટીની બહેનો, સોસાયટીના જ બાળકોને વેકેશનમાં દરરોજ એક સ્થળે એક-બે કલાક માટે સમુહમાં ભેગા મળે તેમજ વિવિધ પ્રવૃત્તિઓનું સમયપત્રક બનાવી બાળકો સાથે વાર્તાલાપ કરે તો સમાજનું શ્રેષ્ઠ કાર્ય થઇ શકે છે.

– દિપા જોષી

# અનમોલ સંતવાણી

(૧) ભગવાનના ભક્તોનો "સંગ" કરવાથી તેમના દ્વારા ભગવાનનો "મહિમા" સાંભળવાથી ભક્તો ના ચરિત્ર વાંચવાથી અને ભગવાનને "પ્રાર્થના" કરવાથી "ભક્તિ" પ્રાપ્ત થાય છે. ભક્તિ મુખ્યરૂપે ભગવતપ્રેમી "મહાપુરૂષો"ની કૃપાથી અથવા ભગવતકૃપા ના "લેશમાત્ર"થી પ્રાપ્ત થાય છે.

(૨) ભગવાન સંસારથી દ્રષ્ટિ એ "ન્યાયકારી" છે. જ્ઞાનની દ્રષ્ટિએ "ઉદાસીન" છે અને ભક્તિની દ્રષ્ટિએ "દયાળુ" છે. ભગવાન ત્રણેય માં છે. અને ત્રણેય થી રહિત પણ છે. ફર્ક આપણી દ્રષ્ટિમાં છે. તે બધી રીતે અનંત, અપાર અને અસીમ છે.

(૩) સત્, તત્વ (પરમાત્મા) માં નિષ્કામ પ્રેમ હોવો પણ સત્સંગ છે. અને જીવન મુક્ત સંતની સાથે નિષ્કામ પણ સત્સંગ છે. જીવન મુક્ત સંતની પાસે બેસવું પણ સત્સંગ છે. સંસારથી વિમુખ થવુ પણ સત્સંગ છે. તાત્પર્ય એ છે કે આપણે કોઇ પણ રીતે ભગવાન ની સન્મુખ થઇ જવું એ સત્સંગ છે. સાધુની અસલી સંગત છે. સાધુ સંતની સાથે અભિન્ન થઇ જવું !

(૪) સંત પુરુષ એક વાત રમત રમત માં કહી દે તો પણ તે શિલાલેખ ના અક્ષર જેવી સ્થિર હોય છે. સંતપુરૂષોને જેવું ચિત્તમાં હોય તેવી જ વાણી બોલાય છે. અને જેવી વાણી બોલાઇ હોય તેવીજ ક્રિયાઓ થાય છે. વિચાર વાણી અને વર્તનમાં સત્પુરૂષો એકરૂપતાવાળા હોય છે.

(૫) જેમના નિર્મળ હૃદય હંમેશા પરોપકાર કરવામાં વ્યગ્ર બનેલા રહે છે. તે મહાત્મા પુરૂષોના વચન પ્રથમ ઔષધિની જેમ કડવા લાગે છે. પરંતુ અંતે અતિ મીઠા બને છે.

(૬) સંત-મહાપુરૂષોનો સંગ બુધ્ધિની જડતાને હરી લે છે. વાણીમાં સત્યભાવ રેડે છે. માન અને ઉન્નતિ પ્રાપ્ત કરાવે છે. પાપ દૂર કરે છે. ચિત્તને પ્રસન્નતા આપે છે. તેમજ દિશાઓમાં કિર્તિ ફેલાવે છે. કહો સત્સંગતિ માણસને શું નથી આપતી

– ચેતન ગોર (અડપોદરા)

## અવસાન નોંધ

બામણવાડ નિવાસી પંડ્યા શાંન્તાબેન વાસુદેવભાઇ પંડ્યા નું તા.૮-૪-૨૦૧૦ ને ગુરૂવાર ના રોજ ૮૬ વર્ષની વયે બામણવાડ મુકામે દુઃખદ અવસાન થયેલ છે.

સુરેલી નિવાસી શંભુપ્રસાદ લક્ષ્મીશંકર જોષીનું તા.૮-૪-૨૦૧૦ ને ગુરૂવાર ના રોજ સુરેલી મુકામે દુઃખદ અવસાન થયેલ છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ આપે તેવી દક્ષ દ્રષ્ટિ પરીવાર તરફથી અભ્યર્થના.

## બાળ દ્રષ્ટી
## પુરુસોત્તમ માસ



મીત્રો,

હિન્દુ પંચાગ મુજબ દર ત્રણ વર્ષે અધિકમાસ એક અધિકમાસ આવે છે તેને પુરૂસોત્તમ માસ કહે છે. સૂર્યએ આ માસનો સ્વિકાર કર્યો નહિ તેથી તેને મળમાસ પણ કહે છે. શ્રી પુરૂસોત્તમ ભગવાને આ અધિક મળમાસને પોતાનું નામ આપ્યું તેથી તેને પુરૂસોત્તમ માસ કહે છે. આ માસને અપર્વમાસ પણ કહે છે. પૃથ્વીની આસપાસ ચંદ્રની પ્રદક્ષિણા કરતા ૩૫૪ દિવસ ૮ કલાક ૪૮ મિનિટ ૩૩.૫૫ સેકન્ડ લાગે છે. અને પૃથ્વીની સૂર્યની આસપાસ ફરતા ૩૬૫ દિવસ ૫ કલાક ૪૮ મિનિટ ૪૭ સેકન્ડ લાગે છે. આમ ચાંદ્રમાન અને સૌરમાન વર્ષ વચ્ચે ૧૧ દિવસનું જે અંતર પડે છે તે અંતર વધવા નહિ દેતા દર ત્રીજે વર્ષે એક અધિક માસનો ઉમેરો કરી દેવાયો છે. આ પુરૂસોત્તમમાસ એટલે અનેક માણસોને પાવન કરતુ મહામોલુ પર્વ. ભવાટવીમાં માર્ગ ભૂલેલાને ભગવાનના માર્ગે દોરી જનારૂ પર્વ. આધ્યાત્મીક, અધિભૌતિક, અધિદૈવિક, ત્રિવિધ તાપને ટાળનાર મંગલપર્વ. હિન્દુ ધર્મમાં કથા, દાન, વ્રત, પૂજા, સેવા, સત્સંગ વિગેરે ભગવાન સાથે જોડાનારા સાધનો દ્વારા અબલા વૃદ્ધો સૌ ભગવાનને પ્રસન્ન કરવા પ્રયત્ન કરે છે. આ માસમાં તન, મન,ધનની શુધ્ધિ થઇ શકે છે.આ માસમાં વિષય વાસનાઓનો ત્યાગ કરી ઇન્દ્રીઓ પર વિજય મેળવવાનું ખૂબ મહત્વ છે. અધિકમાસમાં નિત્ય પ્રભુ સ્મરણ, વ્રત, ઉપવાસ, ભજન કિર્તન અને પ્રભુ સેવાના ઉત્તમ કાર્યો થાય છે. આ માસમાં ચારેય વર્ણ બ્રાહ્મણ , ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર - ભગવાનના સાનિધ્યમાં રહે છે. સાધુ સંતો પોતાની મનોભૂમિકા મુજબ ભગવાનનું સતત ભજન કરે છે. જેમકે, (૧) રામનામ લડુ ગોપાલ નામ ઘી, હરિ કો નામ મિશ્રી સમજ ઘોર ઘોર પી. (૨) રામ નામકી ખડક બનાકર કૃષ્ણ કટાર બાંધ લીયા, હરિ નામકી ઢાલ બનાકર ભવફેરા ટાલદીયા. (૩) યહ જગ સબ હી હારહૈ, મોદી શ્રી ભગવાન, જૈસે જાકે કર્મ હૈ, તોલી દે સબ સમાન. (૪) રામ ઝરૂખે બેઠ કે સબકી મુજરા લેય, જૈસી જાકી ચાકરી, તૈસી તાકુ દેય,


ટુંકમાં અધિકમાસમાં ઇશ્વરનો પ્રેમભાવ જીવનમાં પ્રગટે ત્યારે તેમના કર્મમાં ઇશ્વરનો પ્રેમ પ્રગટે છે. જીવનના ચારિત્ર્યની સુંદરતા માનવમાં વધે છે. અને દરેક માનવને ઇશ્વર સ્વરૂપ જોઇ મદદરૂપ થવું. પ્રભુ જેવી કરૂણા જીવનમાં હૃદય કમળથી પ્રગટાવતા રહેવું. ઇશ્વરનું પ્રેમ આકર્ષણ શરીરમાં રાખી જીવનની દિશા દ્રષ્ટિ પરિવર્તીત બનાવવી. આત્માની દિવ્યતા પ્રગટ કરી ઇશ્વરની લીલાની જીવન ઝાંખી થાય તેવી ક્રિયા કરવી. સર્વલોકોને પરસોત્તમ માસમાં રાગદ્વેષ ની નિવૃત્તિ થાય.અને બાળમીત્રો આપણી વાર્ષિક પરિક્ષાનું પરીણામ પણ પ્રભુકૃપાથી સરસ આવે તેવી શ્રી પુરૂસોત્તમ ભગવાનની વેકેશનમાં ભક્તિ કરીએ સૌને પ્રેમ પૂર્વક જયશ્રી કૃષ્ણ.

– દક્ષ જોષી

# વાસ્તુશાસ્ત્ર પ્રમાણે દ્વાર સ્થાપન ની શુભ દિશા, નક્ષત્રો અને તિથીઓ.

ભવન નિર્માણના આરંભમાં શિલાન્યાસ કરવાની ઉપરાંત દ્વારા ઉંબરો અથવા મુખ્ય દ્વાર નક્કી કરવું પણ એક મહત્વપૂર્ણ કાર્ય હોય છે. દરવાજાની સાથે સાથે વિભિન્ન દિશાઓમાં ખુલવાવાળી બારીઓ બેસાડવી પણ મહત્વપૂર્ણ વાસ્તુકર્મ હોય છે. દ્વાર સ્થાપન અને ચૌખટ ચઢાવવા માટે નીચે આપેલ નક્ષત્ર દ્વારા ચક્રને ધ્યાનમાં રાખીને શુભ તિથી, શુભ વાર અને શુભ લગ્નના નક્ષત્રો શુભ વિચાર કરવામાં આવે છે.

દ્વાર ચડાવવાનું મુહુર્ત વિચારતી સમયે સુર્ય નક્ષત્ર દ્વારા શાખા નક્ષત્રનું ધ્યાન રાખી શુભ, નક્ષત્ર વિધિ તથા વારનો વિચાર કરવો આવશ્યક છે. શુભ મુહુર્તમાં દ્વારા સ્થાપના કરવાથી અરિષ્ટ નાશ થાય છે. વાસ્તુપુરૂષના અતિ મર્મ સ્થળને છોડીને દ્વાર વેધનું ધ્યાન રાખતા મુખ્ય દ્વારની સ્થાપના કરવી જોઇએ. મુખ્ય દ્વારની દિશાની પસંદગી વાસ્તુ પુરૂષના ૩૨ દેવતાઓના વિભાગ અને એના ફળને ધ્યાનમાં રાખીનેજ કરવું જોઇએ.




દ્વાર સ્થાપના માટે ૫,૭,૮,૯, તિથી શુક્લપક્ષની હોવી જોઇએ. પ્રતિપદા, તૃતિયા, ચોથ, અને છઠ તિથી (૧,૩,૪,૬) દ્વાર સ્થાપના માટે વર્જીત છે. એજ પ્રકારે દસમ, અગિયારસ, પુર્ણીમા તથા અમાસે દ્વાર સ્થાપના કરવાથી શત્રુઓની વૃદ્ધિ થાય છે.

શુભ નક્ષત્રઃ રોહીણી મૃગશીર્ષ ચિત્રા, અનુરાધા રેવતી અને ત્રણે ઉત્તરા દ્વાર ચડાવવા માટે શુભ નક્ષત્ર છે. સૂર્ય જે નક્ષત્ર પર હોય, તેની પહેલા ચાર નક્ષત્ર વાસ્તુ પુરૂષના માથા પર, આગળના આઠ નક્ષત્રો બાજુઓ પર, આગળના ત્રણ નક્ષત્રો દેહેલી પર અને અંતિમ ચાર નક્ષત્ર મધ્યમાં રહે છે.

દ્વાર ચડાવવા માટે ચંદ્ર નક્ષત્ર માથા પર હોય તો લક્ષ્મીનો વાસ થાય છે. કોણો પર નક્ષત્ર હોય તો ઘર ઉજ્જડ થઇ જાય છે. બાજુઓ પર નક્ષત્ર હોય તો સુખ-સુવિધા વધે છે. દહેલી પર નક્ષત્ર હોય તો ગૃહસ્વામીનો નાશ થાય છે. મધ્યમાં નક્ષત્ર હોય તો સુખ સંપદા થાય છે.

શુભ વાર અને શુભ લગ્ન : સોમવાર, ગુરૂવાર, બુધવાર તથા શુક્રવાર માં દ્વાર સ્થાપન શુભ હોય છે. મહેરબાની કરીને સારણી જુઓ. ગૃહસ્વામીના જન્મ લગ્ન અનુસાર જો દ્વારની દિશા પૂર્વમાં હોય તો કર્ક, વૃશ્ચિક, મીનમાં દ્વાર સ્થાપન જોઇએ. દ્વારની દિશા પશ્ચિમમાં હોય તો વૃષભ, તુલા અને કુંભ લગ્નમાં દ્વાર સ્થાપન કરવું જોઇએ. ઉત્તર દિશામાં દ્વાર હોય તો મેષ ,સિંહ અને ધન લગ્નમાં દ્વાર સ્થાપન કરવું જોઇએ. જો દ્વાર દક્ષિણ દિશામાં હોય તો મિથુન, કન્યા અને મકર શ્રેષ્ઠ હોય છે.

–રાજેશભાઇ યાદવ

# અમદાવાદ મુકામે શ્રી ચાણક્ય બ્રાહ્મણ સમાજ - ગુજરાત આયોજીત પ્રથમ નિ:શુલ્ક જીવનસાથી પસંદગી સંમેલન સંપન્ન

ઉપરોક્ત સંસ્થા દ્વારા આયોજીત પ્રથમ નિ:શુલ્ક જીવનસાથી પસંદગી સંમેલન તા.૧૪/૩/૨૦૧૦ને રવિવારના રોજ ઇન્દુલાલ યાજ્ઞિક હોલ બાપુનગર મુકામે સંપન્ન થયો. જેમાં આશરે ૯૦૦ થી પણ વધુ લગ્નોત્સુક યુવક-યુવતીઓ એ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ઉપરોક્ત પ્રસંગની શરૂઆતમાં બ્રહ્મ સમાજના વરિષ્ઠ નાગરીકો નું સન્માન કરવામાં આવ્યું હતું. અને આમંત્રીત સૌ મહાનુભાવોએ પ્રસંગોચિત વક્તવ્યો આપ્યા હતા. તેમજ સંસ્થા દ્વારા સમાજની વિધવા બહેનોને સાડી અર્પણ કરવામાં આવી હતી. તેમજ સંસ્થાના પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઇ વ્યાસે ઉપરોક્ત કાર્યક્રમની સફળતા માટે માનીય ડૉ.શ્રી ત્રિવેદી સાહેબ તેમજ શ્રી શ્રેયસભાઇ પંડ્યા, શ્રી અજયભાઇ જાની, અને શ્રી જે.પી.પાંન્ડેજી તેમજ સંસ્થાના સૌ હોદ્દેદારોનો હૃદય પૂર્વક આભાર માન્યો હતો. અને આગામી સમયમાં ડિસેમ્બર -૨૦૧૦માં પણ નિ:શુલ્ક જીવનસાથી પસંદગી સંમેનલન નું આયોજન આ સંસ્થા દ્વારા કરવામાં આવશે તેવી જાહેરાત કરી હતી.

ઉપરોક્ત પ્રસંગ નિમિત્તે સૌ ઉમેદવારો ની પૂર્ણ વિગતો સાથેની પરિચય પુસ્તિકાનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

ઉપરોક્ત પ્રસંગ નિમિત્તે સંસ્થાના સૌ હોદ્દેદારો દ્વારા દક્ષ દ્રષ્ટિ પરીવારને પણ આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. જેને માન આપીને દક્ષ દ્રષ્ટિ પરીવારના શ્રી કમલેશભાઇ પંડ્યા એ હાજર રહી પોતાનો પૂર્ણ સહયોગ આપ્યો હતો. અને સંસ્થા દ્વારા તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

**- " દક્ષ દ્રષ્ટી "**

## દાહોદ પંચમહાલ ગુર્જરગૌડ બ્રાહ્મણ સમાજ ની કારોબારી મીટીંગ સંપન્ન

તા. ૧૪/૪/૨૦૧૦ના રોજ ગુ.ગૌ.બ્રાહ્મણ સમાજ દાહોદ (પંચમહાલ ) જીલ્લા આયોજીત મીટીંગ ની શરૂઆત સરસ્વતી વંદના દ્વારા કરવામાં આવી. ત્યાર બાદ કારોબારીના સંરક્ષક શ્રી પ્રહલાદભાઇ શર્મા, અધ્યક્ષ શ્રી ગોપાલભાઇ શર્મા , મહિલા અધ્યક્ષ શ્રી વિણાબેન ત્રિપાઠી વાળી નવનિયુક્ત સમિતીની હાજરીમાં પ્રથમ મીટીંગ યોજાઇ હતી. એ મીટીંગમાં બે દિવંગત આત્મા શ્રી કૃષ્ણકાંત આચાર્ય તથા રાજુભાઇ, નારાયણભાઇ તિવારી ને શ્રદ્ધાંજલી અર્પિત કરવામાં આવી હતી. ત્યાર બાદ નવી કારોબારી સમીતીની ઘોષણા કરવામાં આવી હતી.

મીટીંગના અંતમાં હાજર સૌ સભ્યોને ફોન નંબર, નામ, એડ્રેસ વાળી ડિરેક્ટરી આપવામાં આવી હતી.

**- બદ્રીપ્રસાદ જે. શર્મા**

## ખેડા જીલ્લા બ્રહ્મસમાજના હોદ્દેદારોની વરણી

સમસ્ત ખેડા જીલ્લા બ્રહ્મ સમાજના હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. જેમાં પ્રમુખપદે દુર્ગેશભાઇ ભટ્ટ, ઉપપ્રમુખપદે પરેશભાઇ ધોરા, મહામંત્રીપદે મહેશ રાવલ અને ખજાનચી પદે પ્રતિમાબેન પંડ્યાની વરણી કરાઇ હતી. જ્યારે ખેડા જીલ્લા કારોબારીમાં પત્રકાર મહેશભાઇ મહેતા, પ્રચેતભાઇ મહેતા, સનતભાઇ ભટ્ટ, ઘનશ્યામભાઇ ભટ્ટ, સુધિરભાઇ પંડ્યા, વિનોદભાઇ ભટ્ટ, રાકેશભાઇ પંડ્યા, પ્રજ્ઞેશભાઇ પંડ્યા, રમણિકભાઇ જાની, ધવલભાઇ ત્રિવેદી, ધિલ્લોનભાઇ ગોર, જીતુભાઇ ઉપાધ્યાય, ધર્મેશભાઇ દેસાઇ, અને ધૃતિબેન દવેની વરણી કરાઇ હતી.

## દાહોદ જીલ્લા સમસ્ત બ્રહ્મ સમાજ ની મીટીંગ સંપન્ન થઇ.

તા. ૧૬/૪/૨૦૧૦ના રોજ દાહોદ જીલ્લા સમસ્ત બ્રહ્મ સમાજની મીટીંગ રાત્રે ૮.૩૦ કલાકે સંપન્ન થઇ. મીટીંગની શરૂઆત હનુમાન ચાલીસા થી કરવામાં આવી હતી. આ મીટીંગ માં બ્રાહ્મણ સમાજના તથા વિપ્રમિત્રવૃંદના તમામ ગણમાન્ય લોકો હાજર રહ્યા હતા. બ્રાહ્મણ સમાજના સંગઠન માટે પ્રત્યેક વ્યક્તિઓનો સંપર્ક કરવો તથા વધુમાં વધુ આવતા પર્વોમાં પરશુરામ જયંતિ નિમિત્તે ભવ્ય શોભાયાત્રાનું આયોજન થાય અને તે નિમિત્તે પુજન અર્ચના સાથે સાથે સામુહિક બ્રહ્મ સમાજનો ભોજનનો ભોજનનો ગોઠવાય તે ભાગરૂપે બધાએ પોતપોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. અને પ્રત્યેક બ્રહ્મ સમાજના પ્રતિનિધિને પોતપોતાના વિસ્તારની જવાબદારી સોંપવામાં આવી હતી.

અગામી મીટીંગ તા. ૨૬/૪/૨૦૧૦ના રોજ રાખેલ છે.

**- બદ્રીપ્રસાદ જે. શર્મા**

## ખેડબ્રહ્મામાં યોજાશે સમસ્ત બ્રહ્મ સમાજનો જીવનસાથી પસંદગી મેળો.

અખિલ ગુજરાત બ્રહ્મ યુવા પરીષદ (રજી.ટ્રસ્ટ) તરફથી સમસ્ત બ્રહ્મ સમાજનો રાજ્યકક્ષાનો ૫૭મો જીવનસાથી પસંદગી મેળો યાત્રાધામ ખેડબ્રહ્મા ખાતે અગામી મે-૨૦૧૦માં યોજાશે જેમાં સમસ્ત બ્રહ્મ સમાજના અપરણીત યુવક-યુવતીઓ વિધવા, વિધુર, છૂટા છેડા લીધેલ, વિકલાંક વિગેરે ઉમેદવારો ભાગ લઇ શકશે. વધુ માહિતી તથા ફોર્મ મેળવવા માટે મળો.

(૧) કૌશિકભાઇ ત્રિવેદી, ખેડબ્રહ્માફોન : ૨૨૧૨૦૩
(૨) શિરીષભાઇ ત્રિવેદી,ખેડબ્રહ્મા, ૯૪૨૭૮ ૭૨૧૪૦
(૩) હરિભાઇ એમ. દવેઅંબાજી. ૯૮૨૫૧ ૦૫૯૦૨
(૪) રાકેશભાઇ મહેતા,હિંમતનગર. ૯૮૯૮૬ ૨૨૩૭૪.

## દાહોદ જીલ્લા સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા ભગવાન પરશુરામની ભવ્ય શોભાયાત્રા નું આયોજન

તા.૧૬/૫/૨૦૧૦ના રોજ ભગવાન પરશુરામ જયંતિ નિમિત્તે દાહોદ જીલ્લા સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા સવારના ૭.૩૦ કલાકે કળસ સાથે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ શોભાયાત્રા પડાવના મનકામેશ્વર મંદિરથી ધોડા, બગ્ગી તથા મોટા વાહનોમાં ભજન કિર્તન દ્વારા પુરબીયાવાડ ની મોઢ બ્રાહ્મણ સમાજની વાડીમાં સમાપન કરવામાં આવશે.

આ શોભાયાત્રા બાદ બ્રાહ્મણ સમાજની વાડીમાં સામુહિક પુજન અર્ચના અને આરતીનો કાર્યક્રમ રાખેલ છે. ત્યાર બાદ ૧૧.૩૦ કલાકે મહાપ્રસાદનો કાર્યક્રમ રાખેલ છે.

આ કાર્યક્રમની સફળતા માટે મિટીંગોનો કાર્યક્રમ ચાલુ છે.

**- બદ્રીપ્રસાદ જે. શર્મા**

## ભગવાન પરશુરામની આરતી

રાગ :- ઓમ જય જગદીશ હરે ..................
ૐ જય પરશુરામ હરે, સ્વામી જય પરશુરામ હરે ॥
બ્રહ્માદિક, ઇન્દ્રાદિક-જય જયકાર કરે । ટેરા ॥
ૐ જય પરશુરામ હરે - સ્વામી જય પરશુરામ હરે ॥
જબ જબ હોય, ધરમકી હાની - પ્રભુ અવતાર ધરે, સ્વામી - પ્રભુ અવતાર ધરે ।
સોલહવે અવતારી, ધરા કા પાપ હરે ॥ ૧ ॥ ૐ જય પરશુરામ હરે - સ્વામી જય પરશુરામ હરે ॥
ઇસકીસ બાર પૃથ્વી કો - શત્રુ વિહીન કરે, સ્વામી - શત્રુ વિહીન કરે ।
ફરસે સે સિર હન્તે - હા - હાકાર કરે ॥૨॥ ૐજય પરશુરામ હરે - સ્વામી જય પરશુરામ હરે ॥
જમદગ્નિ કે પુત્ર ઔતારી - માં રેણુકા નામ ધરે, સ્વામી - માં રેણુકા નામ ધરે ।
પિતા કે આજ્ઞાકારી - માતુ કા શીષ કટે ॥ ૩ ॥ જય પરશુરામ હરે - સ્વામી પરશુરામ હરે ॥
શિવ કે ભક્ત ભયંકર - પરસા ધરે કર મે સ્વામી - પરસા ધરે કર મેં ।
જટા જૂટ મૃગ છાલા - ઓઢે પ્રભુ તન પે ॥ ૪ ॥ ૐ જય પરશુરામ હરે - સ્વામી પરશુરામ હરે ॥
પીતામ્બર - બાઘામ્બર - બદન જનેઊ અંગે, સ્વામી - બદન જનેઊ અંગે ।
રૂદ્રાક્ષર ગલ માલા - ધનુષબાણ સંગે ॥ ૫ ॥ ૐ જય પરશુરામ હરે - સ્વામી પરશુરામ હરે ॥
સીતા સ્વયંબર હુઆ જનકપુર - શિવ ધનુ - રામ તોડા, સ્વામી - શિવ ધનુ - રામ તોડા ।
આશિષ દે રઘુવર કો - વન કો મુખ મોડા ॥ ૬ ॥ ૐ જય પરશુરામ હરે - સ્વામી પરશુરામ હરે ॥
જો પરશુરામ કી આરતી ગાવે - શ્રધ્ધા સે સેવા કરે, સ્વામી શ્રધ્ધા સે સેવા કરે ।
કહે વિપ્ર સમાજ સદા સુખ, બલ ઔર ધર્મ બઢે ॥ ૭ ॥ ૐ જય પરશુરામ હરે - સ્વામી પરશુરામ હરે ॥

**- બદ્રીપ્રસાદ જે. શર્મા**

## અલભ્ય તસવીર



વસોના શ્રી મહેન્દ્રભાઇ દેસાઇ, જનસત્તાના તંત્રી શ્રી રમણભાઇ શેઠ, શ્રી હરીહર ખંભોળજા, મહાગુજરાતના પ્રણેતા શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક અને ધોડાસરના શ્રી ઠાકોર સાહેબની આ તસવીર આજથી ૫૪ વર્ષ અગાઉ વર્ષ ૧૯૫૬માં નડીઆદ ના સીનીયર પ્રેસ ફોટોગ્રાફર શ્રી મનહર ચોકસી એ ઝડપી હતી. હાલમાં ગુજરાત સરકાર તરફથી ગુજરાત સ્થાપના દિન નિમિત્તે રાજ્યભરમાં ભવ્યાતિભવ્ય કાર્યક્રમો નું આયોજન કરવામાં આવી રહ્યું છે ત્યારે મહાગુજરાત આંદોલન ના પ્રણેતા પૂ.શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક ની આ અલભ્ય તસવીર આંદોલનના કપરા દિવસો ની યાદ તાજી કરાવી જાય છે.

**- તસવીર - મનહર ચોકસી**

## વેદની ઋચા અને સંહિતાનો અર્થ

ઋચા શબ્દનો અર્થ વેદની રૂચા - મંત્ર એવો થાય છે. સ્તુતિ -સ્ત્રોત્ર, પૂજા અને શોભા એવો થાય છે.

રૂચિ પરથી ઋચા શબ્દનો અર્થ તારવીએ તો જે રૂચિકર છે તે રૂચા કહેવાય. અર્થાત જે પ્રભુ પ્રત્યે, કર્મ પ્રત્યે , સમાજ પ્રત્યે તેમજ જ્ઞાન, વિજ્ઞાન, તત્વજ્ઞાન પ્રત્યે રૂચિ પ્રગટ કરાવે તે રૂચા કહેવાય.

વેદની ઋચા આપણામાં આધ્યાત્મિક જીવન પ્રત્યે અહોભાવના જગાડે છે. અખિલેશ્વર અમરનાથ પ્રત્યે અભિરૂચિ પ્રગટાવે છે. આપણા જીવનની સુંદરતા અને રોચકતામાં જ્ઞાનની જ્યોત જગાવે છે. જીવન જીવવાની કલાને સર્વાંગીય રીતે વિકસીત કરવા વેદદર્શિત રૂચિકર નિવડે તેવી આર્ષવાણી અદભુત અનુભવ કરાવે છે. સમાધિની એકચિત્તની દ્યાનવસ્થામાં ઋષિની આર્ષવાણી અનુભવ મુલ્યનું દ્રષ્ટિથી સનાતન સમયથી પ્રગટ થઈને તે સ્વયં સ્વરૂપ ધારણ કરે છે. તેમજ વેદના દરેક મંત્ર ના દરેક પદમાં જ્ઞાનના પ્રકાશના અજવાળા પાથરે છે. તદ્ઉપરાંત મંત્રપાઠ કરનારમાં પ્રકૃતિ સૌંદર્ય એવમ આત્મ પ્રાપ્તિ ની દિવ્ય રહસ્યમય શક્તિ તેમજ સૃષ્ટિ રહસ્ય નિયમની ઝાંખી ના અપ્રગટ ભૌતિક સ્વરૂપ માં દાહેલા દર્શન કરાવે છે.

ઋ કહેતા ઋનું - સરળતા - સહજતા - નિષ્કપરતા અને ચા કહેતા ચારણીમાં ચળાઈને જે વાણી સ્વરૂપે દ્યાન દશામાં પ્રગટ થાય છે. તે ઋચા કહેવાય છે. એક ચિત્ત અને એક દ્યાન યુક્ત યોગ યોગ દશામાં કોઈ દિવ્ય વિભૂતિ જ્યારે ભાવ સમાધિમાં આધ્યાત્મિક રહસ્યના દર્શન પોતાની દેહહીન, મનહીન, ઈન્દ્રીય રહિત દશામાં કરે છે. ત્યારે તેની આર્ષવાણી ઋચા રૂપે તેમાં હૃદયરૂપી આકાશમાં અપ્રકટરૂપે આવિષકાર પામે છે. ત્યાર પછી ધીમે ધીમે ચળાતી - સુધ્ધ થતી તેની આર્ષવાણી - અવ્યક્ત - અપ્રકટ - અભાવયુક્ત દશામાંથી વાણીરૂપે તે પ્રગટ થાય છે. ત્યારે તે ઋચા બને છે. આમ યોગસમાધિમાં ઋષિને થયેલા પ્રભુદર્શનની નોંધ સરળતા પૂર્વક ગળાઈને - વિશુધ્ધ બનીને સ્પષ્ટ નિર્દોષ રૂપમાં સહજરીતે ઋચા મારફત આપણને જાણવા મળે છે.

ઋચા - રૂચા- જેને ઉલટાવીને બોલીએ તો ચારૂ શબ્દ બને છે. જેનો અર્થ સુંદરતા - મનમોહકતા- દિવ્યતા એવો થાય છે. મંત્રદ્રષ્ટા ઋષિએ સ્વ.સમાધિમાં દ્યાનસ્થ દશામાં ઈન્દ્રિયાતીત અવસ્થામાં ઈશ્વરની જે સુંદરતા - મનમોહકતા અને દિવ્યતાની મધુરતાનો આનંદ મેળવ્યો તે દિવ્ય અલૌકિક અનુભવ મંત્રના પદેપદના પ્રત્યેક શ્વરમાં ગુંજન કરતા હોવાથી તેને ઋચા કહેવામાં આવે છે.

ટૂંકમાં ઋચાનું ગાન આપણને ચારૂતા આપે છે. આનંદ અને મધુરતાનો દિવ્ય અનુભવ કરાવે છે. ઋષિમુનિઓએ કરેલી દિવ્ય અનુભુતિનો આપણને પરોક્ષ અનુભવ કરાવે છે.

જે રૂચિકર હોય તે સારૂ કહેવાય. પરમકૃપાળુ પરમાત્મા માં પૂરેપૂરી રૂચા રાખવાથી રૂચા કહેતા આપણા માં આધ્યાત્મિક જ્ઞાનનું તેજ (ઋચા) તેમજ સૌંદર્ય (રૂચા) માં વધારો કરી આપણું જીવન કાન્તિમય - (શોભાવાળુ - ઋચામય) બને છે. એટલુ જ નહિ પણ રૂચિર કહેતા તેજસ્વી મધુર અને સુખદાયક બનાવે છે. તે આપણામાં મધુરતાનો છંદ પ્રગટાવી મધુછંદા બનાવે છે. છંદનો અર્થ લત, વ્યસન, એવો થાય છે. વ્યસનીને વ્યસન વિના ચેન પડતુ નથી. (ચા,પાન,બીડી,તમાકુ,) તેમ તેને મધુરતાનો પ્રભુ પ્રેમનો છંદ લાગ્યો છે. તે મધુછંદા કહેવાય બીજા શબ્દમાં કહીએ તો જેના શ્વર અને સ્વાદમાં તેમજ સ્વરૂચીમાં કેવળ ઈશ્વરમય તો અને પ્રભુપ્રેમ રસનો ભાવ એકધુન - એકનાદ અને એકબીન રૂપથી એક મયતામાં સતત પ્રગટ થતો રહે છે. તેને છંદ કહેતા પ્રભુ પ્રેમનું એકધાર્યુ વ્યસન કહે છે.

જેને સમાજ, રાષ્ટ્ર અને વિશ્વને સુખી કરવાનો સુખી કરવાનો છેદ લાગ્યો છે. તે વિશ્વ સમાજ પ્રેમી ઋષિ આર્ય દ્રષ્ટિકોણજ્ઞી આર્ષવાણીમાં જે હિતકારી ધાર્મિક આત્મિક આદ્યાત્મિક અને સર્વકલ્યાણનો બોધ આપે છે. તે મધુછંદા ઋષિ કહેવાય છે. જે પોતાનું જીવન મધુરતાના દિવ્ય આચરણથી ગુજારવા માટે ધગશ ધૂનનો છંદ લાગ્યો છે. તે ઋષિ બને છે. અને મધુરતાના છંદભાવમાં પોતાનું આર્ષ વ્યક્તવ્ય પ્રદર્શિત કરે છે. અને સંસારના સર્વ લોકને સર્વ દુઃખ માત્રનો આત્યંતિક નાશ કરવાનો - શાશ્વત મોક્ષ સુખ પ્રાપ્ત કરવાનો પવિત્ર પંથ દર્શાવે છે. આવા ઋષિઓ વેદકાળમાં મધુછંદા નામથી ઓળખાતા.

**– શરદચંદ્ર ભટ્ટ**



અપંગ પરિવાર નડીઆદ દ્વારા ફેડરેશન ઓફ સિનીયર સિટીઝનના સમારંભમાં અમેરીકા સ્થિત મંગળાબા તરફથી સ્કુલમાં અભ્યાસ કરતા અપંગ વિદ્યાર્થીનિ ટ્રાયસિકલ અર્પણ કરતા કુ.સિપ્પા ચોકસી ચિત્રમાં અપંગ પરિવારના શ્રી મહેબુબભાઇ વહોરા, ફેડરેશન ના પ્રમુખ શ્રી નગીનભાઇ શાહ મંત્રી શ્રી જીતેન્દ્રભાઇ શાહ વિગેરે નજરે પડે છે.

**– તસવીર – મનહર ચોકસી**

## બ્રહ્મસેના આયોજીત બ્રહ્મ મહાકુંભ અને યજ્ઞોપવિત પ્રસંગ માટે વિશ્વભરના બ્રહ્મ સમાજ માં અદમ્ય ઉત્સાહના દર્શન

તા.૨૨-૨૩/૫/૨૦૧૦ના રોજ ભાવનગર મુકામે બ્રહ્મસેના દ્વારા આયોજીત બ્રહ્મ મહાકુંભ સમુહ યજ્ઞોપવિત અને બ્રહ્મ ચોર્યાસી પ્રસંગ માટે વિશ્વભરમાંથી ખૂબજ સુંદર પ્રતિસાદ પ્રાપ્ત થઇ રહ્યો છે. અને અત્યાર સુધી માં ૧૩૫૧ બટુકો ની યજ્ઞોપવિત માટે નોંધણી થઇ ચુકી છે. તેમજ વિશ્વભરમાંથી બ્રહ્મ પરીવારના મહાનુભાવો પધારી રહ્યા છે. અને આશરે ૩ લાખ થી પણ વધુ ભૂદેવો એક મંડપ નીચે એકત્ર થઇ સમગ્ર વિશ્વને બ્રહ્મ શક્તિના દર્શન કરાવવા કટીબધ્ધ બન્યા છે.

ઉપરોક્ત પ્રસંગને સફળતા પૂર્વક સંપન્ન કરવા બ્રહ્મ સેના ના સૌ હોદ્દેદારો રાતદિવસ ખૂબજ જહેમત લઈ રહ્યા છે. અને ગુજરાત તેમજ ભારત ભરમાંથી તેઓને ખૂબજ સુંદર આવકાર પ્રાપ્ત થઈ રહ્યો છે. જેમાં ખેડા અને નડીઆદ વિભાગ માંથી દક્ષ દ્રષ્ટિ પરીવાર અને ખેડા નડીઆદના સમાજ શ્રેષ્ઠીઓ તેમજ સંતો મહંતો થકી પણ પૂર્ણ આવકાર સાથે સહયોગ પ્રાપ્ત થઈ રહ્યો છે.

વિશ્વભરમાં વસતા સૌ બ્રહ્મ પરીવારોને આ વિશાળ આયોજનને સફળ બનાવવા પોતાનો પૂર્ણ સહયોગ આપવા નમ્ર વિનંતી. **" દક્ષ દ્રષ્ટી "**



સહ કુટુંબ, મિત્ર વર્તુળ કે કંપનીના સદસ્યો સાથે લગ્ન પ્રસંગ, કોન્ફરન્સ, પાર્ટી કે રાત્રી રોકાણ માટે કુદરતી વાતાવરણ અને પ્રાકૃતિક સૌંદર્ય ના સાનિધ્યમાં પ્રસંગને અનોખા અનુભવ સાથે યાદગાર બનાવતુ એકમાત્ર
સ્થળ : લીલી રીસોર્ટ.
ઈડર – સાબરકાંઠા – ગુજરાત

–: સુવિધાઓ :–

(૧) એસી નોન એસી રૂમ્સ (૨) વેજ રેસ્ટોરેન્ટ (૩) હેલ્થ ક્લબ (૪) ઈન્ડોર ગેમ્સ (૫) સ્વીમીંગ પુલ (૬) ૨૫૦૦૦ ફૂટનો પાર્ટીપ્લોટ (૭) કોન્ફરન્સ રૂમ

આપનું આતીથ્ય એજ અમારો આનંદ
લીલી રીસોર્ટમાં બુકીંગ માટે સંપર્ક

દિનેશભાઈ યાજ્ઞિક – મુંબઈ : ૯૩૨૨૬૬૬૭૦૯
લીલી હોટલ – હિતેષભાઈ : ૦૯૮૨૫૦૮૪૭૭૦
લીલી રીસોર્ટ – હોટલ – ૦૨૭૭૮૬૫૪૯૯૯.
દક્ષ કન્સલ્ટન્સી – ૯૮૨૫૪૪૯૫૦૫, (ઓ) ૦૨૬૮૨૫૬૪૨૩૨.

*Successfully launched*

CENgres VITRIFIED TILES

PORCELAIN, RUSTIQUE, LG, WOOD, ELEVATION
Double charged vitrified tiles - Full body vitrified tiles in 600 x 600 mm & 1000 x 1000 mm



*Cent Percent tile*
**Century Tiles Ltd.**
AN ISO 9001:2000 CIRTIFIED COMPANY
Nr.Sabar Dairy,
At : Gadhoda, Talod Road,
Himatnagar-383001. Gujarat.
Phone : 02772 - 226454 / 55 / 56
Fax : 02772 - 226457
E mail : info@centurytiles.com

| અ.નં | રકમ | સંદર્ભ | નામ | ગામ |
|---|---|---|---|---|
| ૧ | રૂ.૫૦૧/- | આ.લવાજમ | શ્રી શરદચંદ્ર દુર્લભદાસ ભટ્ટ | નડીઆદ |
| ૨ | રૂ.૫૦૧/- | આ.લવાજમ | શ્રી રશ્મીકાંન્ત જે.દવે | બોરસદ |
| ૩ | રૂ.૫૦૧/- | આ.લવાજમ | શ્રી સોમશંકર બી.ત્રિવેદી | દામનગર |
| ૪ | રૂ.૫૦૧/- | આ.લવાજમ | શ્રી રતિલાલ એસ.જાની | ગારીયાધાર |
| ૫ | રૂ.૫૦૧/- | આ.લવાજમ | શ્રી મહેશભાઈ ડી.પંચોલી | અમરેલી |
| ૬ | રૂ.૫૦૧/- | આ.લવાજમ | શ્રી દેવાંશુભાઈ આર.ત્રિવેદી | ત્રાપજ |
| ૭ | રૂ.૫૦૧/- | આ.લવાજમ | શ્રી પ્રવિણચંદ્ર મહાશંકર ત્રિવેદી | વેજલપુર |
| ૮ | રૂ.૫૫૧/- | આ.લવાજમ | શ્રી દેવાંગભાઈ એલ.જોષી | મહુવા |
| ૯ | રૂ.૫૫૧/- | આ.લવાજમ | શ્રી વિશ્વેશભાઈ સી.પંડ્યા | તળાજા |
| ૧૦ | રૂ.૫૫૧/- | આ.લવાજમ | શ્રી રમણભાઈ બી.દવે | તાલાળા |
| ૧૧ | રૂ.૫૫૧/- | આ.લવાજમ | શ્રી સૂર્યકાન્તભાઈ એસ.દવે | મોરબી |
| ૧૨ | રૂ.૫૫૧/- | આ.લવાજમ | શ્રી વિષ્ણુભાઈ એસ.પુરોહિત | સોમનાથ |
| ૧૩ | રૂ.૧૦૧/- | લવાજમ | શ્રી હરેકૃષ્ણ સી. ત્રિવેદી | અમદાવાદ |
| ૧૪ | રૂ.૧૦૧/- | લવાજમ | શ્રી પી.એન.મહેતા | બાલાસિનોર |
| ૧૫ | રૂ.૧૦૧/- | લવાજમ | શ્રી દિપકભાઈ અરવિંદભાઈ દવે | બાલિન્ટા |
| ૧૬ | રૂ.૧૦૧/- | લવાજમ | શ્રી પંડ્યા મુકેશભાઈ શશીકાંન્ત | વેજલપુર |
| ૧૭ | રૂ.૧૦૧/- | લવાજમ | શ્રી ઉપાધ્યાય વિષ્ણુપ્રસાદ છગનલાલ | સુરેલી |
| ૧૮ | રૂ.૧૦૧/- | લવાજમ | શ્રી પાઠક શશીકાન્તભાઈ માધવલાલ | સુરેલી |
| ૧૯ | રૂ.૧૦૧/- | લવાજમ | શ્રી પંડયા ગજાનન કેશવલાલ | સુરેલી |
| ૨૦ | રૂ.૧૦૧/- | લવાજમ | શ્રી ગં.સ્વ.આનંદીબેન કેશવલાલ | સુરેલી |
| ૨૧ | રૂ.૧૦૧/- | લવાજમ | શ્રી વિપુલકુમાર ડી. ઉપાધ્યાય | પાટણ |
| ૨૨ | રૂ.૧૦૧/- | લવાજમ | શ્રી રમેશભાઈ રાવલ | દીવ |
| ૨૩ | રૂ.૧૦૧/- | લવાજમ | શ્રી કુમુદભાઈ જે.જોષી | દેલવાડા |
| ૨૪ | રૂ.૧૦૧/- | લવાજમ | શ્રી કુમુદભાઈ એ.ભટ્ટ | દેલવાડા |
| ૨૫ | રૂ.૧૦૧/- | લવાજમ | શ્રી ઉમેશભાઈ બચુભાઈ જાની | પાલડી |
| ૨૬ | રૂ.૧૦૧/- | લવાજમ | શ્રી ઉપાધ્યાય ભરતભાઈ રેવાશંકર | ઉના |
| ૨૭ | રૂ.૧૦૧/- | લવાજમ | શ્રી અતુલકુમાર ભાનુશંકર જોષી | ઉના |
| ૨૮ | રૂ.૧૦૧/- | લવાજમ | શ્રી અનસુયાબેન બી. વ્યાસ | આણંદ |

**આજીવન લવાજમ રૂ.૫૦૧/-**
**વાર્ષિક લવાજમ રૂ.૧૦૧/-**

**આપનું લવાજમ ભરવા માટે લવાજમની રકમનો ચેક દક્ષ કન્સલ્ટન્સી નામથી લખી નીચેના સરનામે કુરીયર અથવા પોસ્ટથી મોકલી આપવા વિનંતી.**

**દક્ષ કન્સલ્ટન્સી,**
**૧૧૮, ઘંટાકર્ણ કોમ્પલેક્ષ,ગંજબજાર,**
**નડીઆદ-૩૮૭૦૦૧.**
**ફોન નં.(૦૨૬૮) ૨૫૬૪૨૩૨. (મો) ૯૮૨૫૪ ૪૯૫૦૫.**
Email : daksh_drasti@rediffmail.com
Email : dakshconsultancyape@yahoo.co.in

## ખબર હશે તો ખપ લાગશે.

### ફર્નિચર ની સફાઈ

* સિગરેટની રાખને પાણીમાં ભેળવી લાકડાના ફર્નિચર ને લગાવી મુલાયમ કપડાથી સાફ કરવાથી ફર્નિચર ચમકશે.
* લીંબુના રસમાં મીઠુ ભેળવી ફર્નિચર સાફ કરવાથી તેના પર પડેલા ડાઘ દૂર થશે.
* હુંફાળા ગરમ પાણીમાં બે ચમચી કેરોસીન નાખી તેનાથી ફર્નિચર સાફ કરવાથી તેનાથી ચક ચકિત થશે.
* ફર્નિચર ઉપર ગરમ વાસણ મુકવાથી પડેલા ડાઘ દૂર કરવા અળસીનું તેલ ગરમ કરી થોડુ ટર્પેન્ટાઇન ભેળવી ડાઘ પર ઘસો.
* ફર્નિચર પરથી ગ્રીસના ડાઘ દૂર કરવા ડાઘ પડે કે તરત મીઠુ ભભરાવી લુછી નાખો.
* ફર્નિચર પર પેન્સીલના ડાઘ દૂર કરવા લીંબુના રસથી સાફ કરવું.
* ડ્રેસીંગ ટેબલ પર તેલના ડાઘ દૂર કરવા કોલ્ડ ક્રીમ નાખી ફેસીયલ ટીસ્યુ થી લુછો.
* લાકડાના ફર્નિચરને જીવજંતુના ઉપદ્રવથી બચાવવા સાફ કરતી વખતે પાણીમાં કોપરેલ અને એન્ટીસેપ્ટીકના બે ટીપા નાખો.


– **કનુભાઈ નાયબ મામલતદાર**
**રમેશભાઈ આહિર.**

## " દક્ષ દ્રષ્ટી " મેળવવા અને સમાચાર તથા લવાજમ મોકલવાનું સરનામુ

નડીઆદ :-દક્ષ કન્સલ્ટન્સી, ૧૧૮, ઘંટાકર્ણ કોમ્પલેક્ષ,ગંજબજાર,નડીઆદ-૩૮૭૦૦૧.
ફોન નં.(૦૨૬૮) ૨૫૬૪૨૩૨. (મો) ૯૪૨૮૬ ૪૯૯૪૫
મુંબઈ :- ભૂપેન્દ્રભાઈ બી.આચાર્ય
ફોન નં.૨૮૦૨૧૨૪૨/ ૨૮૦૫૬૭૪૦, (મો)૯૮૨૦૩૩૩૩૫૨.
ભાંડુપ :- શ્રી પંડ્યા સુરેશચંદ્ર ડાહ્યાલાલ
(મુંબઈ - ૭૮) ફોન : ૨૫૯૬૩૦૨૨ (મો) ૯૮૭૦૪૩૩૪૯૯.
ભાયંદર :- શ્રી પંડ્યા સંજયકુમાર રસીકલાલ,થાણા - ૪૦૧૧૦૧.
ફોન : ૩૨૯૧૭૦૭૭ (મો) ૯૩૨૪૪૭૦૦૪૭.
ડોંબીવલી :- શ્રી નિલેશભાઈ શંકરલાલ રાવલ
ફોન:૯૩૨૩૩૧૨૬૫૧,૯૯૨૦૪૮૭૬૪૩,
બોરીવલી:- ઠાકર મુકેશભાઈ ભાનુશંકર ફોન : ૯૩૨૪૫ ૯૨૪૯૯.
અમદાવાદ :- કમલેશભાઈ મણીભાઈ પંડ્યા. ફોન નં.૯૪૨૭૦૨૨૨૩૯.
ખેરાડી :- ડૉ.ચંદુલાલ શંકરલાલ જોષી ફોન નં. ૨૨૦૩૨૧, ૯૪૨૭૦૪૮૮૦૫.
રૂપાલ :- ચંદુલાલ વલ્લભરામ જોષી. ફોન નં. ૦૨૭૭૨-૨૭૨૧૬૨,
ચોઈલા :- નટુભાઈ ચુનીલાલ પંડ્યા. ફોન :૯૫૨૭૭૯-૨૨૨૩૭૮
મોડાસા :- અતુલભાઈ કેશવલાલ રાવલ. ફોન નં : ૨૪૩૩૧૮. (મો) : ૯૯૭૯૪૧૬૫૬૬
હિંમ્મતનગર :- મહાદેવપ્રસાદ કેશવલાલ જોષી. ફોન :- ૯૨૭૫૦ ૮૧૬૩૨
વડોદરા :- ભટ્ટ મુકેશભાઈ મધુસુદનભાઈ ફોન :(રહે) ૨૪૯૨૬૭૭(મો): ૯૪૨૬૯૬૨૫૨
ગાંધીનગર :- મનુપ્રસાદ એલ. જોષી. ફોન : ૨૩૨૪૮૦૬૧ (મો): ૯૮૨૪૦ ૦૬૭૪૮.
દાહોદ : બદ્રીપ્રસાદ જે.શર્મા. ફોન : ૯૯૨૫૫ ૦૨૦૨૪
હાલોલ : કિશોરભાઈ સોમેશ્વર પંડ્યા, ફોન :(૦૨૬૭૬)૨૨૫૬૭૪(મો)૯૪૨૭૭ ૧૭૧૩૫
ગોધરા : ભાનુભાઈ શીવશંકર મહેતા. ફોન : ૯૪૨૮૦ ૧૨૯૦૮, ૯૮૨૫૩ ૩૧૪૩૩
દીવ/ ઉના : શ્રી રમેશભાઈ રાવલ (સિંહ દર્શન) ફોન : ૯૮૨૫૯ ૯૬૨૫૪
વેજલપુર : શ્રી સુરેશભાઈ એન. જોષી (પત્રકાર) ફોન : ૯૯૭૯૩ ૭૦૮૯૧

માનવ માત્રે સાહસ, ઉત્સાહ, આશા અને પ્રેરણાના સિંચન થકી જીવનને સફળ બનાવવું. માનવી પરમાત્માનો અંશ છે. સૌ હરિને સંભાળે , હરિ તેમને સંભાળશે. હળી મળીને સૌ પ્રેમથી જીવન જીવતા શીખો. સાદગી અને સંયમથી જીવો. દરેક સાથે મમતાથી વર્તો, બને તેટલા બીજાને ઉપયોગી થાવ. દુન્વયી વ્યવહારો, નીતિ નિયમો પાળવા સાથે સાથે આત્માનું અને સમષ્ટિનું કલ્યાણ સાધો. સંસારમાં રહીને જ ઈશ્વર પ્રાપ્તિ કરી શકાય છે. યાદ રાખો દરિયાના તળિયે પડેલ સોનાને બહાર લાવવામાં સફળતા મેળવનારો માનવી કદાચ કરોડપતિ બની જાય છે. પણ પોતાના અંતરમાં ઘરબાયેલી પ્રેમ લાગણી સંવેદના અને શીલતાને બહાર લાવવામાં સફળ બનનારો તો ખૂદ પરમાત્મા સ્વરૂપ જ બની જાય છે.

મનુષ્ય જન્મ ૮૪ લાખ યોનીમાનો અમુલ્ય અવસર છે. તમે પોતાની સમજનો સદ્ઉપયોગ કરો તો જન્મ-મરણના મહા દુઃખથી પણ છૂટી શકાય. પોતાની સત્તા, સેવા અને અનુભવોનો આદર કરો સતપુરૂષો, સત્શાસ્ત્રો, સંતો પાસેથી સાચુ માર્ગદર્શન મેળવી માનવ જીવનને સાર્થક સફળ બનાવો. વ્યક્તિ તેના ગુણ અને કાર્યથીજ મહાન બને છે. ત્યારે તેને કોઈ પંથ, વાડો, વર્તુળ, સંપ્રદાય રહેતો નથી. સમગ્ર વિશ્વને તેનો પરિવારીક સબંધ જાળવવા પ્રયત્નશીલ રહે છે. વ્યક્તિમાંથી સમષ્ટિમાં જ તે પોતાના સ્વસ્વરૂપને નિહાળે છે. વિશ્વ બંધુત્વનો સતત વિકાસ કરી વિસ્તાર વધારે છે.




જીવનમાં પરિસ્થિતિઓનો મજબુત મનોબળથી સામનો કરી પ્રત્યેક નિર્ણયોમાં સફળતા પ્રાપ્ત કરવાનો રાજમાર્ગ બતાવતુ પુસ્તક એટલે.

" જીવન સંદેશ "

**પુસ્તક મેળવવાનું સ્થળ**

| | | |
|---|---|---|
| દક્ષ કન્સલ્ટન્સી | ગંજબજાર | નડીઆદ |
| ગજાનન પુસ્તકાલય | ટાવર રોડ | સુરત |
| હરીહર પુસ્તકાયલ | ટાવર રોડ | સુરત |
| પરમહંસ સ્ટેશનરી | સંસ્કૃત પાઠશાળાની બાજુમાં | ડાકોર |
| વલ્લભ બુક સ્ટોલ | મેઈન બજાર | ઉમરેઠ |
| સ્વદેશી વસ્તુ ભંડાર | ૪, જેમ્સ પ્લાઝા | આણંદ |
| આશીક બુક સ્ટોલ | જુનુ બસ સ્ટેશન | આણંદ |
| અજય બુક સ્ટોલ | મોટા બજાર | વિદ્યાનગર |
| અરિહંત બુક સ્ટોલ | એસ.ટી.સ્ટેન્ડ | હિંમતનગર |

તથા તમામ અગ્રણી પુસ્તક વિક્રેતાઓને ત્યાં ઉપલબ્ધ

**" દક્ષ દ્રષ્ટી "નું આજીવન લવાજમ ભરનારને પુસ્તક ભેટ સ્વરૂપે મળશે.**

**વડીલશ્રી, આપનું આજદીન સુધીનું / ચાલુ વર્ષનું લવાજમ બાકી છે તો સત્વરે મોકલી આપવા વિનંતી. (આપનું આજીવન / વાર્ષિક લવાજમ જમા કરેલ છે.)** **" દક્ષ દ્રષ્ટી "**

# શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ (વિભાગ - ૫) અમદાવાદ શહેર. નરોડા દ્વારા તા.૧/૬/૨૦૧૦ના રોજ સમુહ યજ્ઞોપવિત સંસ્કાર સમારોહ નું આયોજન.

ઉપરોક્ત સંસ્થા દ્વારા તા.૧/૬/૨૦૧૦ના રોજ દ્વીતીય યજ્ઞોપવિત સંસ્કાર સમારોહનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેમાં લાભ લેવા ઇચ્છતા બ્રહ્મ પરીવારો ને નીચે મુજબનીબાબતો જણાવવામાં આવી છે.

(૧) યજ્ઞોપવિત માં ભાગ લેનાર બટુકે રૂા.૨૫૧/- આપવાના રહેશે.

(૨) બટુકના પરીવારને ૧૦ પાસ સમાજ તરફથી આપવામાં આવશે.

(૩) જનોઇ વિધિ વખતે ફૂલહાર, પૂજાપો, બ્રાહ્મણ દક્ષિણા વગેરે સમાજ તરફથી આપવામાં આવશે. તેમજ બટુકને પહેરવા માદરપાટ (ઉપવસ્ત્ર) સમાજ તરફથી આપવામાં આવશે.

(૪) જનોઇ વિધિનો સમય વૈશાખ વદ-૪ ને મંગળવાર તા.૧/૬/૨૦૧૦ને શુભ દિને સવારે ૭.૦૦ કલાકનો રહેશે.

(૫) પ્રવેશફોર્મ તા. ૧૬/૫/૨૦૧૦સુધીમાં નીચેના સ્થળે અથવા સંસ્થાના કાર્યાલય ઉપર જમા કરાવવાના રહેશે.

(૬) બટુકના માતા-પિતાએ બેસવાના આસનીયા તથા પુજા માટે પંચપાત્ર લઇને આવવાનું રહેશે.

(૭) બટુકને ફક્ત માતા અને મોસાળની એક ભિક્ષા પીરસી શકાશે. અન્ય કોઇ વ્યક્તિ ભીક્ષા કે ચાંદલો આપી શકશે નહિ.

(૮) ભોજનપાસ વધશે તો પરત લેવામાં આવશે નહિ.

(૯) યજ્ઞોપવિત માં ભાગ લેનાર આજીવન સભ્ય બનવું જરૂરી છે.

(૧૦) કાર્યક્રમમાં સંજોગવસાત કોઇપણ ફેરફાર કરવાની સત્તા પ્રમુખ અને મંત્રીને રહેશે.

(૧૧) ફોર્મ ભર્યા બાદ કેન્સલ કરાવનાર ને ભરેલા નાણા પરત મળશે નહિ. તે ભેટ સ્વરૂપે સ્વીકારવામાં આવશે.

(૧૨) વ્યવસાયિક જાહેરાત માટે રૂા.૫૦૧/- અને બેનર આપવાનું રહેશે.

**વધુ માહિતી માટે નીચે દર્શાવેલ સ્થળોએ સંપર્ક કરવા વિનંતી.**

(૧) શ્રી હરેશભાઇ બી.વ્યાસ
બી/૧૫૮, વિભાગ -૯, મહાવીર સ્મૃતિ, પા,ટાઉનશીપ, નવા નરોડા, કૃષ્ણનગર, અમદાવાદ. (મો) ૯૭૨૫૧ ૧૧૦૧૦

(૨) શ્રી ઘનશ્યામભાઇ આર.જાની
એ/૭૯, જલ્પા સોસાયટી, કેનાલ રોડ, નરોડા, અમદાવાદ. (મો) ૯૮૨૫૧ ૭૧૦૬૫.

(૩) ઉમાકાન્તભાઇ એસ.રાવલ
બી/૩૬૩, વિ-૭, પાશ્વનાથ ટાઉનશીપ, નવા નરોડા, કૃષ્ણનગર,અમદાવાદ. (મો) ૯૮૨૫૦ ૪૫૧૭૯

(૪) જગદીશભાઇ એચ.દવે
ઇ/૪૦૭, હરીધામ સોસાયટી, પા,ટાઉનશીપ નવા નરોડા, કૃષ્ણનગર, અમદાવાદ. (મો) ૯૮૨૫૨ ૪૧૪૩૦

(૫) ગજેન્દ્રભાઇ ડી.રાવલ
એ/૨૬,બી.કે.ટેનામેન્ટ, પ્રિયાસિનેમા સામે, કૃષ્ણનગર,અમદાવાદ. (મો) ૯૮૨૫૩ ૬૭૩૮૬

(૬) સતિષભાઇ સી.જોષી
બી/૫૦, અંજનેયકૃપા સોસાયટી, ગેલેક્ષી બસ સ્ટેશન પાસે, નરોડા, અમદાવાદ. (મો) ૯૪૨૭૦ ૪૮૪૮૧.

(૭) ઘનશ્યામપ્રસાદ એન.પંડ્યા
૮/૮૭, નેતાજી નગર, મેઘાણીનગર, અમદાવાદ. (મો) ૯૯૨૫૪ ૯૭૬૭૩.

(૮) સુબોધભાઇ આર.જોષી
એ/૧-૧૦૭, સહયોગ ગાયત્રી સોસાયટી, કુબેરેશ્વર મહાદેવ સામે, સૈજપુર, અમદાવાદ. (મો) ૯૯૯૮૨ ૪૧૫૩૭

(૯) બંસીધરભાઇ જે.આચાર્ય
એ/૪૪-૬૫૨, હા.કોલોની, ને.હા.નં.૮ કૃષ્ણનગર, અમદાવાદ. (મો) ૯૩૭૬૧ ૦૩૩૩૮

(૧૦) બીપીનભાઇ એચ.મહેતા
૧૮-લક્ષ્મીનગર સોસાયટી, ખોડીયાર નગર, બાપુનગર, અમદાવાદ. (મો) ૯૭૧૨૧ ૩૮૬૮૫

(૧૧) દિનેશભાઇ એસ.ઠાકર
એફ/૧૦૪, કર્ણાવતી એપાર્ટમેન્ટ, ઇ-૯૯૬, ૧૩૭-બસ સ્ટેશન બાપુનગર અમદાવાદ. (મો) ૯૮૨૫૪ ૩૩૦૧૮

(૧૨) રાજેન્દ્રભાઇ પી. દવે
૨૯-સી,૩૭૧ કૃષ્ણનગર હાઉસીંગ, અમદાવાદ. (મો) ૯૮૨૫૯ ૨૪૧૩૧.

(૧૩) હિતેષભાઇ એચ.ઠાકર
એ-૧૫, મધુવન સોસાયટી, કઠવાડા રોડ, નવા નરોડા, અમદાવાદ. (મો) ૯૯૭૪૧ ૦૮૭૦૮

(૧૪) દિલીપભાઇ બી. દવે
એ-૯૧, સુમતિનાથપ્રભુ સોસાયટી, કઠવાડા રોડ, નવા નરોડા, અમદાવાદ. (મો) ૯૪૨૬૫ ૪૫૪૮૧.

**ઉપરોક્ત યજ્ઞોપવિત પ્રસંગ નિમિત્તે બ્રહ્મસમાજ શ્રેષ્ઠીઓ તરફથી ભેટ અને દાનનો સહકાર પણ આવકાર્ય છે. જે માટેની વિગતો નીચે મુજબ છે.**

| | | |
|---|---|---|
| (૧) | ભોજન ના દાતા. | રૂા.૫૧,૦૦૦/- |
| (૨) | સમારંભના મંડપના દાતા | રૂા.૨૫,૦૦૦/- |
| (૩) | ગ્રહશાંતિના મુખ્ય યજમાન | રૂા.૫,૦૦૧/- |
| (૪) | શુભેચ્છક | રૂા.૧૦૦૧/- |
| (૫) | પિતાંમ્બર ઉપવસ્ત્રના દાતા | રૂા.૩૫૦૦/- |
| (૬) | પંચપાત્રના દાતા | રૂા.૨૫૦૧/- |
| (૭) | પુંજાપો હોમ દ્રવ્યના દાતા | રૂા.૨૫૦૧/- |
| (૮) | ફુલહારની ભેટ | રૂા.૧૫૦૧/- |
| (૯) | બેન્ડવાજા ના ખર્ચની ભેટ | રૂા.૫૦૦૧/- |
| (૧૦) | સમારંભમાં પાણી વયવસ્થા અંગે દાન | રૂા.૬૫૦૦/- |
| (૧૧) | સમારંભમાં છાસની વ્યવસ્થા અંગે દાન | રૂા.૫૦૦૧/- |
| (૧૨) | આસન, ગૌમુખી, માળા | રૂા.૨૫૦૧/- |
| (૧૩) | વોટરબેગ | ૭૫૧/- |
| (૧૪) | સ્ટીલના ડબ્બા | રૂા.૫૦૦૧/- |
| (૧૫) | વરૂણ દક્ષિણા | રૂા.૫૦૦૧/- |
| (૧૬) | થાળી વાડકીનો સેટ | રૂા.૩૫૦૧/- |

ઉપરોક્ત આયોજનને સફળ બનાવવામાં અને આપણી આ સામાજીક સંસ્થા ના વિકાસ માં સંસ્થાના આજીવન સભ્ય બની યોગદાન આપવા સૌ બ્રહ્મ પરીવારોને નમ્ર નિવેદન છે.

**માહિતી :- રમેશભાઇ ઠાકર (અમદાવાદ)**

## સાચો મહાન પૂર્ણ માનવ

સૂર્યનો અસ્ત પછી ઉદય હોય છે. તો માનવીને પણ અસ્ત પછી ઉદય કેમ ના હોય? મંદિરના શિખર પરની ધજા, સમુદ્રના તરંગો, દિવાની જ્યોત, અવકાસમાં ગતિશીલ પવન અને માનવીનું મન આ પાંચ બાબતો સ્થિર રહેતી નથી. તેને સ્થિર રાખવા યુક્તિ પ્રયુક્તિ અને સખત પરિશ્રમ યુક્ત સ્વાધ્યાય કરવો પડે છે. જેનું મન સ્થિર રહે તે વ્યક્તિ સુખી અને જેવુ મન અતિચંચળ તે વ્યક્તિ દુઃખી માનવ મનને કેળવવા, એકાગ્રતા સાધવા જપ, તપ, સ્વાધ્યાય કરવો પડે છે. તે માટે જીવનની પ્રત્યેક પળનો સદ્ઉપયોગ કરવાથી વ્યવહારિક તેમજ ધર્મના આધ્યાત્મિક ક્ષેત્રમાં પ્રગતિ કરી શકાય છે. માનવ મનમાં વિષયો, વાસનાઓ, રાગદ્વેષ વિગેરેના ઉદ્વેગ હોય ત્યાં સુધી મન સ્થિરતા ધારણ કરતુ નથી. મનના આવા વિકારોને દૂર કરવા જપ,તપ, અને સ્વાધ્યાય, નિયમીત કરવાથી સ્થિરતા પ્રાપ્ત થાય ત્યારે મનના વિકારો દૂર થાય છે. એટલુ જ નહિ ભગવાનના દર્શનનો સાક્ષાત્કાર થાય. ગુરૂજનોના આશીર્વાદ ઉતરે. અંતરમાંથી પ્રસન્નતાના સૂર સદા વહેતા રહે. વિચારો વડે જ માનવ મનનું ઘડતર થાય છે. જેવો વિચાર તેવું વ્યક્તિત્વ બને છે. વિચારોને ઉત્કૃષ્ટ બનાવવા માનવ દેહની દુર્લભતા, આર્યકુળ, આર્યદેશ, ઇન્દ્રીઓની સંયમતા, સત્સંગ અને ધર્મની સાચી શ્રધ્ધા, નિઃસ્વાર્થ કર્મ સદા યાદ રાખવા. તેમાં જ સમયનો સદ્ઉપયોગ કરનાર જીવન જીતી જાય છે.

બ્રાહ્મણ જીવનમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષના

## ધર્મચેતના

ચાર પુરૂષાર્થ સતત કરવાના છે. કારણ માનવ યોનીમાં બ્રાહ્મણ જ્ઞાતિમાં જન્મે એ ભગવાનનો અધિકૃત પ્રતિનિધિ તરીકે રહ્યો છે. તેથીજ અર્થ અને કામને ધર્મ અને મોક્ષની મર્યાદામાં રહી બ્રાહ્મણ કરતો રહે. માનવતા પ્રગટાવનાર મહાપુરૂષો અને મહાન વ્યક્તિઓને જગત સદા યાદ કરે છે. તેમના કાર્યો, સદ્ગુણો, ક્ષમાશીલતા અને સહનશીલતાની કદર પણ સમયે જ આવે થતી રહે છે. માનવ જીવનમાં ધર્મ સત્ય અને નીતિને આધારે ટકે છે. કસોટી સુવર્ણ અને હીરાની થાય ત્યારે જ તે સલામત સ્થળે સચવાય પણ છે. તેનું મુલ્ય વૃદ્ધિ પામે છે. માનવ જેટલા સદગુણો વધારે તેટલો વધુ મુલ્યવાન બને છે. વસ્તુની કિંમત હોય તે ખરીદી કે વેચી શકે છે. પણ વ્યક્તિનું મુલ્ય સદ્ગુણોથી ભરપુર હોય ત્યારે તે ખરીદી કે વેચી શકાતુ નથી. તેનું માન સન્માન, ગૌરવ, ગરિમા અને પ્રતિષ્ઠાનો વ્યાપ સતત વધારનાર હિતશત્રુઓ પણ હિતકારી બની જાય છે. તેનું કારણ વ્યક્તિમાં રહેલ શુભવિચાર, શુભવાણી અને શુભ વર્તનનો સુભગ સંગમ સમાયેલ હોય છે. અલબત આ અંગે ધીરજ અને શ્રધ્ધા હોવી જોઇએ. નિષ્ઠાથી કર્મ કરવું, ધ્યેય લક્ષી પરિશ્રમ, પ્રયત્ન કરવો. ધૈર્યપૂર્વક ફળની પ્રાપ્તી ની પ્રતિજ્ઞા અંતિમ શ્વાસ સુધી કરવી. કારણ માણસને ઘડતા ઘડતા કુદરતી પણ માતાના ઉદરમાં બેસી નવ મહિનાનો સમય લે છે. ત્યારે જ બાળક પૂર્ણ વિકાસ પામી જન્મે છે. સાચો પૂર્ણ માનવ થતા તો તેને સંપૂર્ણ આયુષ્ય કરે તો કંઇક જન્મો સુધી અવિરત સંસ્કારો પ્રાપ્ત કરવા પુરૂષાર્થ કરવો પડે છે. અનેક સંઘર્ષો કરવા પડે છે. ત્યારે સાચો મહાન પૂર્ણ માનવ બને છે.

**- પ્રવિણભાઇ પંડ્યા**

સંપાદક, મુદ્રક, પ્રકાશક : જોષી મનોજભાઇ બી. ૨૩ શુભમ સોસાયટી, કોલેજ રોડ, નડીઆદ, જી.ખેડા (ગુજ.) દ્વારા હિમાલી ગ્રાફીક્સ, વછેવાડ , નડીઆદ ખાતે છપાવી ૧૧૮ ઘંટાકર્ણ કોમ્પ્લેક્ષ ગંજબજાર નડીઆદથી પ્રસિદ્ધકર્યુ.

Editor, Publisher, Printer : Joshi Manojbhai B. 23, Shubham Society, Collage Road, Nadiad Dist : Kheda (Guj.) Printed at Himali Graphics, Vachevad, Nadiad.